હકીકતની રજૂઆત કરવી હોય તો એમ કહી શકાય કે 'પુસ્તકો ભરેલી થેલીઓનું વજન 11 કિલોગ્રામ છે.'

**(III) પ્રાતીક રજૂઆત :**

અન્વય રીતિની પ્રાતીક રજૂઆત વખતે સ્પષ્ટ કરેલી રીતને અનુસરીને અવશેષ રીતિની પ્રાતીક રજૂઆત નીચે પ્રમાણે કરી શકાયઃ

A B C ———————— a b c

B એ bનું અગાઉથી જાણવા મળેલું કારણ છે.

C એ cનું અગાઉથી જાણવા મળેલું કારણ છે.

∴ A એ aનું કારણ છે અથવા a એ A નું પરિણામ છે.

**(5) સહપરિવર્તન રીતિ**

**(I) સૂત્ર અને તેની વિશ્લેષણાત્મક સમજૂતી :** આ રીતિને લગતું **મિલે** આપેલું સૂત્ર નીચે મુજબ છે :

**''જે ઘટના બીજી કોઈ ઘટનામાં જ્યારે અમુક વિશેષ રીતનું પરિવર્તન લાવે ત્યારે એક યા બીજી રીતે પરિવર્તન પામતી હોય તે ઘટના એ બીજી ઘટનાનું કારણ કે પરિણામ હોય છે, અથવા તો તેની સાથે કાર્યકારણભાવને લગતી કોઈ બાબત વડે સંકળાયેલી છે.''**

સહપરિવર્તન રીતિના ઉપર્યુક્ત સૂત્ર પરથી સ્પષ્ટ થાય છે કે આ પદ્ધતિ દ્વારા કાર્યકારણ સંબંધની સ્થાપના માટે નીચેની શરતો પૂરી થવી જોઈએ :

(1) બે ઘટનાઓમાં પરિવર્તન થતું હોવું જોઈએ.

(2) બે ઘટનાઓમાં થતું પરિવર્તન એકસાથે થતું હોવું જોઈએ.

(3) બે ઘટનાઓમાં એકસાથે થતું પરિવર્તન અમુક વિશેષ રીતનું હોવું જોઈએ, એટલે કે અમુક પ્રમાણમાં થતું હોવું જોઈએ.

(4) બે ઘટનાઓમાં એકસાથે અમુક પ્રમાણમાં થતું પરિવર્તન સમપ્રમાણમાં થતું હોય એ અનિવાર્ય નથી. 'એક યા બીજી રીતે' (in any manner) એ શબ્દો સૂચવે છે કે પરિવર્તન વ્યસ્ત પ્રમાણમાં પણ હોઈ શકે. બીજા શબ્દોમાં કહીએ તો એક ઘટનાના પ્રમાણમાં વધારો થાય ત્યારે બીજી ઘટનાના પ્રમાણમાં વધારો (સમપ્રમાણમાં) કે ઘટાડો (વ્યસ્ત પ્રમાણમાં) થતો હોવો જોઈએ.

જો ઉપરની ચાર શરતો પૂરી થાય તો સહપરિવર્તન રીતિને અનુસરીને એમ કહી શકાય કે એકસાથે પરિવર્તન પામતી બે ઘટનાઓ વચ્ચે કાર્યકારણસંબંધ છે.

**(II) દૃષ્ટાંતો :**

(1) આ પદ્ધતિનું દૃષ્ટાંત આપતાં **મિલ** જણાવે છે કે, પૃથ્વીની સપાટી પર ચંદ્રની શી અસર પડે છે તેની તપાસ કરતાં આપણને એમ જાણવા મળે છે કે ચંદ્રના સ્થાન (Position)માં થતાં પરિવર્તનની સાથે સમુદ્રમાં આવતી ભરતીનાં સ્થળ અને સમયમાં પણ પરિવર્તન આવે છે. આના પરથી એમ કહેવા માટેનો પુરાવો મળી રહે છે કે ચંદ્રને કારણે સમુદ્રમાં ભરતી આવે છે.

(2) જો વસ્તુની માંગ સ્થિર હોય તો વસ્તુના પુરવઠામાં વધારો થવાથી તેના ભાવમાં ઘટાડો થાય છે. વસ્તુના પુરવઠા અને ભાવ વચ્ચે જોવા મળતા આ વ્યસ્ત પરિવર્તનને આધારે સહપરિવર્તન રીતિને અનુસરીને એવું અનુમાન તારવી શકાય કે 'માલનો પુરવઠો અને તેનો ભાવ કાર્યકારણસંબંધથી સંકળાયેલા છે.'

**(III) પ્રાતીક રજૂઆત :**

અન્વેષણ હેઠળની ઘટનાનાં પૂર્વગામીઓ માટે A B C D, અનુગામીઓ માટે a b c d અને સમપ્રમાણમાં થતા પરિવર્તન માટે '+' કે '-' એ સરખી નિશાનીઓ અને વ્યસ્ત પ્રમાણમાં થતાં પરિવર્તન માટે '+' કે '-' એ જુદી જુદી નિશાનીઓ વાપરીને સહપરિવર્તન રીતિની રજૂઆત નીચે પ્રમાણે થઈ શકે :

**સમપ્રમાણમાં થતું પરિવર્તન**

A B C ——— a b c

$A^+$ B C ——— $a^+$ b c

$A^-$ B C ——— $a^-$ b c

∴ A અને a વચ્ચે કાર્યકારણસંબંધ છે.

**વ્યસ્ત પ્રમાણમાં થતું પરિવર્તન**

A B C ——— a b c

$A^+$ B C ——— $a^-$ b c

$A^-$ B C ——— $a^+$ b c

∴ A અને a વચ્ચે કાર્યકારણસંબંધ છે.

## મનોયત્ન 5.5

**1. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ આપો :**

(1) જે.એસ.મિલે પ્રાયોગિક અન્વેષણની કેટલી રીતિઓ આપી છે ?

(2) કેટલી ઘટનાઓનું નિરીક્ષણ અનવ્ય રીતિમાં થયેલું હોવું જોઈએ ?

(3) અન્વય રીતિમાં કેટલા સંયોગોનું સામ્ય હોવું જરૂરી છે ?

(4) વ્યતિરેક રીતિમાં કેટલા સંયોગોનું સામ્ય હોવું જરૂરી છે ?

(5) સહપરિવર્તન રીતિમાં થતો ફેરફાર કેવા પ્રકારનો હોવો જોઈએ ?

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) અન્વય રીતિનું સૂત્ર લખો.

(2) વ્યતિરેક રીતિનું સૂત્ર લખો.

(3) અન્વયવ્યતિરેક રીતિમાં સંયોગોના ભેદ અને સામ્ય કયા પ્રકારે હોવાં જોઈએ ?

(4) અવશેષ રીતિમાં કઈ ત્રણ બાબતો જરૂરી છે ?

(5) સહપરિવર્તન રીતિમાં કઈ ચાર બાબતો જરૂરી છે ?

**3. નીચેના પ્રાતીક રજૂઆતોમાંથી પ્રત્યેક અંગે તે કઈ પદ્ધતિની છે તે ઓળખાવો :**

(1) A B C ——— a b c
B એ b નું અગાઉથી જાણેલું કારણ
C એ c નું અગાઉથી જાણેલું કારણ
∴ a એ A નું પરિણામ

(2) A B C D ——— a b c d
B C D ——— b c d
∴ a એ A નું પરિણામ

(3) P Q R S ——— p q r s
Q R S ——— q r s
∴ p એ P નું પરિણામ

(4) A B C ——— a b c
$A^{(+)}$ B C ——— $a^{(-)}$ b c
$A^{(-)}$ B C ——— $a^{(+)}$ b c
∴ A અને a વચ્ચે કાર્યકારણસંબંધ

(5) A B C ——— a b c
$A^{(+)}$B C ——— $a^{(-)}$ b c
$A^{(-)}$ B C ——— $a^{(-)}$ b c
∴ A અને a વચ્ચે કાર્યકારણસંબંધ છે.

(6) A B C D ——— a b c d
A E F G ——— a e f g
∴ a એ Aનું પરિણામ

(7) X Y Z ——— x y z
$X^{(+)}$Y Z ——— $x^{(-)}$ y z
$X^{(-)}$ Y Z ——— $x^{(+)}$ y z
∴ X અને x વચ્ચે કાર્યકારણસંબંધ છે.

(8) A B C D ——— a b c d
B C D ——— b c d
∴ A એ a નું કારણ

(9) X Y Z ——— x y z
Y એ y નું અગાઉથી જાણવું કારણ
Z એ z નું અગાઉથી જાણવું કારણ
∴ Z અને z નું કારણ

(10)

| ભાવાત્મક ઉદાહરણ | અભાવાત્મક ઉદાહરણ |
|---|---|
| A B C — a b c | B C — b c |
| A D E — a d e | D E — d e |

∴ a એ A નું પરિણામ

## સ્વાધ્યાય 5

**1. નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો :**

(1) 'વિશિષ્ટ આનુભવિક હકીકતોનાં નિરીક્ષણ પરથી સર્વદેશી નિયમ તારવવાની માનસિક પ્રક્રિયા' એટલે શું ?
(અ) નિગમન (બ) વ્યાપ્તીકરણ (ક) દલીલ (ડ) અન્વય પદ્ધતિ

(2) વ્યાપ્તિકરણની પ્રક્રિયામાં શું અનિવાર્ય હોય છે ?
(અ) ગર્ભિતાર્થ સંબંધ (બ) સર્વનું નિરીક્ષણ (ક) બૌદ્ધિક સાહસ (ડ) અવાસ્તવિક હકીકતનું નિરીક્ષણ

(3) 'સરખા સંયોગો હાજર હોય તો સરખું જ પરિણામ આવે છે', આ વાક્ય શું સૂચવે છે ?
(અ) પ્રકૃતિની એકરૂપતા (બ) કાર્યકારણનો નિયમ (ક) સહપરિવર્તન (ડ) વ્યતિરેક પદ્ધતિ

(4) વૈજ્ઞાનિક વ્યાપ્તિના તાત્ત્વિક આધારો કયા છે ?
(અ) કાર્યકારણનો નિયમ (બ) પ્રકૃતિની એકરૂપતા (ક) સામાન્યીકરણ (ડ) અ અને બ બંને

(5) કેટલાક પરથી સર્વ પર જવાનું બૌદ્ધિક સાહસ શેમાં હોય છે ?
(અ) વ્યાપ્તિકરણ (બ) નિગમન (ક) સંવિધાન (ડ) ગર્ભિતાર્થ

(6) કઈ વ્યાપ્તિ કાર્યકારણસંબંધ સ્થાપે છે ?
(અ) વૈજ્ઞાનિક વ્યાપ્તિ (બ) અવૈજ્ઞાનિક વ્યાપ્તિ (ક) સાદી ગણનામૂલક વ્યાપ્તિ (ડ) નિગમન

(7) સાદી ગણનામૂલક વ્યાપ્તિનું લક્ષણ શું છે ?
(અ) બૌદ્ધિક સાહસ (બ) અનપવાદિત અનુભવ (ક) મર્યાદિત નિરીક્ષણ (ડ) આ ત્રણેય

(8) જે.એસ.મિલ કારણના લક્ષણમાં કઈ બાબતો સમાવે છે ?
(અ) અનુકૂળ સંયોગોની હાજરી (બ) પ્રતિકૂળ સંયોગોની ગેરહાજરી
(ક) સંગ્રાહક નિરીક્ષણ (ડ) અ અને બ બંને

(9) અનિવાર્ય શરતોનો સમુચ્ચય એટલે શું ?
(અ) નિગમન (બ) વ્યાપ્તિ (ક) આંશિક શરત (ડ) પર્યાપ્તિ શરત

(10) જે.એસ.મિલ પ્રોયોગિક અન્વેષણની કેટલી રીતિઓ આપે છે ?
(અ) પાંચ (બ) ત્રણ (ક) ચાર (ડ) આઠ

**2. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો :**

(1) વ્યાપ્તિકરણની લાક્ષણિકતાઓ અને તેના તાત્ત્વિક આધારો જણાવો.
(2) વૈજ્ઞાનિક વ્યાપ્તિની વિગતે સ્પષ્ટતા કરો.
(3) સાદી ગણનામૂલક વ્યાપ્તિની સવિસ્તર સમજૂતી આપો.
(4) વૈજ્ઞાનિક દૃષ્ટિએ 'કારણ'નો અર્થ સ્પષ્ટ કરો.
(5) અનિવાર્ય શરત અને પર્યાપ્ત શરત અંગે સમીક્ષાત્મક રજૂઆત કરો.
(6) અન્વય રીતિની સમજૂતી આપો.
(7) વ્યતિરેક રીતિની સમજૂતી આપો.
(8) અવશેષ રીતિની સમજૂતી આપો.
(9) સહપરિવર્તન રીતિની સમજૂતી આપો.
(10) ટૂંકનોંધ લખો :
1. સાદી ગણનામૂલક વ્યાપ્તિની મર્યાદા
2. વૈજ્ઞાનિક વ્યાપ્તિની વિશિષ્ટ લાક્ષણિકતાઓ

# 6 ભારતીય તર્કશાસ્ત્રમાં અનુમાન

**પ્રસ્તાવના :**

આપણે જાણીએ છીએ કે ભારતીય દર્શનો નવ છે : ચાર્વાક, બૌદ્ધ, જૈન, ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. આ નવ દર્શનો જ્ઞાન અંગે વિચારણા કરે છે. આ જ્ઞાન યથાર્થ કે અયથાર્થ હોય છે. યથાર્થ જ્ઞાનને **'પ્રમા'** તરીકે અને અયથાર્થ જ્ઞાનને **'અપ્રમા'** તરીકે ઓળખાવવામાં આવે છે. યથાર્થ જ્ઞાન મેળવવાનાં સાધનોને 'પ્રમાણ' કહેવામાં આવે છે.'[illegible] ।' જેના વડે શંકા અને ભ્રમણાથી મુક્ત એવા સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેને ભારતીય તર્કશાસ્ત્રમાં 'પ્રમાણ' તરીકે ઓળખવામાં આવે છે. પ્રમાણ અંગે ભારતીય દાર્શનિકોએ વિશદ્ અભ્યાસ કર્યો છે. આપણે તેનો સંક્ષેપમાં પરિચય મેળવીએ.

અવૈદિક દર્શનોમાં ચાર્વાક દર્શન માત્ર પ્રત્યક્ષ જ્ઞાનનો પ્રમાણ તરીકે સ્વીકાર કરે છે. બૌદ્ધ દર્શન પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણો સ્વીકારે છે. જૈન દર્શન પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એમ ત્રણ પ્રમાણોનો સ્વીકાર કરે છે.

વૈદિક દર્શનોમાં ન્યાય દર્શન પ્રત્યક્ષ, અનુમાન ઉપમાન અને શબ્દ એમ ચાર પ્રમાણોને સ્વીકારે છે. જ્યારે વૈશેષિક દર્શન બે પ્રમાણો પ્રત્યક્ષ અને અનુમાનને સ્વીકારે છે. સાંખ્ય દર્શન અને યોગદર્શન બંને ત્રણ પ્રમાણો પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દનો સ્વીકાર કરે છે. પૂર્વમીમાંસક પ્રભાકર મિશ્ર જ્ઞાનના પાંચ પ્રમાણોને સ્વીકારે છે - પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ અને અર્થાપત્તિ. આ પાંચ પ્રમાણોમાં કુમારિલ ભટ્ટ અનુપલબ્ધિનો છઠ્ઠા પ્રમાણ તરીકે ઉમેરો કરે છે. આમ, પૂર્વમીમાંસા દર્શન છ પ્રમાણોનો સ્વીકાર કરે છે. ઉત્તરમીમાંસકો શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય બંને ત્રણ પ્રમાણો પ્રત્યક્ષ, અનુમાન અને શ્રુતિને સ્વીકારે છે. ભારતીય દર્શનોના આ પ્રમાણ વિચારને નીચેના કોષ્ટક દ્વારા રજૂ કરી શકાય :

| ક્રમ | ભારતીય દર્શનો | | પ્રમાણો | પ્રમાણોની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | અ | ચાર્વાક દર્શન | પ્રત્યક્ષ | એક |
| 2 | વૈ | બૌદ્ધ દર્શન | પ્રત્યક્ષ, અનુમાન | બે |
| 3 | દિ | જૈન દર્શન | પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ | ત્રણ |
| | ક | | | |
| 4 | વૈ | ન્યાયદર્શન | પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ | ચાર |
| 5 | | વૈશેષિક દર્શન | પ્રત્યક્ષ, અનુમાન | બે |
| 6 | | સાંખ્ય દર્શન | પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ | ત્રણ |
| 7 | | યોગદર્શન | પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ | ત્રણ |
| 8 | દિ | પૂર્વમીમાંસા :<br>પ્રભાકર મિશ્ર<br>કુમારિલ ભટ્ટ | પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ,<br>પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અનુપલબ્ધિ | પાંચ<br>છ |
| 9 | ક | ઉત્તરમીમાંસા :<br>શંકરાચાર્ય અને<br>રામાનુજાચાર્ય | પ્રત્યક્ષ, અનુમાન, શ્રુતિ | ત્રણ |

ભારતીય દર્શનોમાં ચાર્વાક દર્શનને બાદ કરતાં પ્રત્યેકમાં અનુમાન વિશે વિચારણા કરવામાં આવી છે. આ બધામાં ન્યાયદર્શને કરેલી અનુમાન વિષયક વિચારણા ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આથી આપણે ન્યાય દર્શનમાં રજૂ થયેલી અનુમાન સંબંધી વિચારણાની સમજૂતી મેળવીશું. ન્યાયદર્શનને સંક્ષેપમાં 'ન્યાય' તરીકે પણ ઓળખવામાં આવે છે. ન્યાયદર્શનના પ્રતિપાદકોને 'નૈયાયિકો' કહેવામાં આવે છે. આ પ્રકરણમાં આપણે ન્યાય કે નૈયાયિકોના અનુમાન પ્રમાણનો અભ્યાસ કરીશું :

**ન્યાયદર્શનની દૃષ્ટિએ અનુમાનની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ**

નૈયાયિકોના મતે અનુમાન પ્રમાણ પ્રત્યક્ષ પ્રમાણ પર આધારિત છે. આથી અનુમાનનું સ્વરૂપ સમજીએ તે પહેલાં પ્રત્યક્ષનું સ્વરૂપ સ્પષ્ટ કરવું જરૂરી છે. નેત્રેન્દ્રિય, શ્રવણેન્દ્રિય, સ્વાદેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય દ્વારા થયેલું જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. નૈયાયિકોના મતે અનુમાન દ્વારા આપણને તો અને તો જ જ્ઞાન મળે કે જો તેની પહેલાં આપણને પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા જ્ઞાન મળેલું

હોય. અનુમાનની પૂર્વ શરત ન્યાયાનુસાર પ્રત્યક્ષ જ્ઞાન છે. ન્યાયદર્શન અનુસાર અનુમાન શબ્દનો અર્થ છે : અનુ + માન. અનુનો અર્થ છે પછી થતું અને માનનો અર્થ છે જ્ઞાન. અર્થાત્ પૂર્વે પ્રત્યક્ષ દ્વારા થયેલા જ્ઞાનને આધારે તારવવામાં આવતું જ્ઞાન એટલે અનુમાન. આમ અનુમાન પ્રત્યક્ષ જ્ઞાનના આધાર વગર શક્ય બનતું નથી, આથી નૈયાયિકો '[illegible] અનુમાનમ્।' એવી અનુમાનની વ્યાખ્યા આપે છે.

નૈયાયિકોના મતે અનુમાન એટલે પ્રત્યક્ષ વિષયના જ્ઞાન પરથી તેની સાથે હંમેશાં સંકળાયેલા અન્ય અપ્રત્યક્ષ વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવાની માનસિક પ્રક્રિયા. દા.ત. 'પર્વત પર ધુમાડો નીકળે છે.' એમ આપણે પ્રત્યક્ષ જોઈએ અને 'જ્યાં જ્યાં ધુમાડો ત્યાં ત્યાં અગ્નિ'ના આપણે અનુભવેલા નિત્ય સહચારના (નિત્ય સહચાર એટલે કાયમ સાથે હોવા પણું) આધારે અહીં અપ્રત્યક્ષ એવા અગ્નિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે અનુમાન છે. 'પર્વત પર અગ્નિ છે.' આ જ્ઞાન આપણને પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા પ્રાપ્ત થતું નથી, પરંતુ આ જ્ઞાન અનુમાન પ્રમાણ દ્વારા પ્રાપ્ત થાય છે.

અનુમાનના ઉપર્યુક્ત દૃષ્ટાંતમાં ત્રણ પદો છે : (1) પર્વત, (2) ધુમાડો અને (3) અગ્નિ. આ ત્રણ પદો અનુક્રમે (1) પક્ષ, (2) હેતુ અને (3) સાધ્ય તરીકે ઓળખાય છે. આ ત્રણેય પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે :

**(1) પક્ષ :** પક્ષ એટલે જેના વિશે અનુમાન તારવવામાં આવ્યું હોય તે. દા.ત., 'તે પર્વત પર અગ્નિ છે' એ અનુમાન તારવવામાં આવ્યું હોય તો તેમાં 'તે પર્વત' એ પક્ષ છે.

**(2) હેતુ :** હેતુ એટલે જેના પ્રત્યક્ષ જ્ઞાનને આધારે અનુમાનક્રિયાનો આરંભ થાય છે તે દા.ત., 'તે પર્વત પર અગ્નિ છે' એ અનુમાન તારવવાની ક્રિયાનો આરંભ તે પર્વત પર પ્રત્યક્ષ રીતે જોવા મળતા 'ધુમાડા'ના જ્ઞાનથી થાય છે, તેથી તે અનુમાનમાં 'ધુમાડો' એ હેતુ છે.

**(3) સાધ્ય :** સાધ્ય એટલે અનુમાન દ્વારા પક્ષમાં જે સાબિત (સિદ્ધ) થાય છે તે. દા.ત., 'તે પર્વત પર અગ્નિ છે' આ અનુમાનમાં તે પર્વત (પક્ષ) પર 'અગ્નિ' સિદ્ધ થાય છે, તેથી 'અગ્નિ' એ સાધ્ય છે.

અનુમાનમાં આવતાં ઉપર્યુક્ત ત્રણ પદો અને તેમની વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય તે રીતે ન્યાયદર્શનમાં અનુમાનનું સ્વરૂપ નીચે પ્રમાણે સમજાવી શકાય :

1. હેતુની પક્ષમાં હાજરી છે એવું પ્રત્યક્ષ જ્ઞાન
2. હેતુ અને સાધ્ય વચ્ચે વ્યાપ્તિસંબંધ છે એ હકીકતની સ્મૃતિ થાય.

ઉપરની બે બાબતો અનુમાનક્રિયાની અનિવાર્ય શરતો છે. આ બંને શરતોનું પાલન થયું હોય તો તેના આધારે 'પક્ષમાં સાધ્યની હાજરી છે' એવું જે જ્ઞાન થાય તે અનુમાન દ્વારા મેળવેલું જ્ઞાન કહેવાય છે. દા.ત., (1) 'તે પર્વત પર ધુમાડો છે' એવું જે પ્રત્યક્ષ જ્ઞાન થાય અને (2) ધુમાડો અને 'અગ્નિ' વચ્ચે વ્યાપ્તિસંબંધ છે એવી સ્મૃતિ થાય તો જ તેને આધારે (3) 'તે પર્વત પર અગ્નિ છે' એવું અનુમાન તારવી શકાય છે.

અનુમાન એ પ્રમાણ છે. પ્રમાણ વડે ઉત્પન્ન થયેલું જ્ઞાન અભ્રામક અને નિ:શંક રીતે સત્ય હોય છે. તેથી જો અનુમાનની ઉપર્યુક્ત બંને શરતોનું યોગ્ય પાલન થયું હોય તો અનુમાન વડે મેળવેલું જ્ઞાન નિશ્ચિત રીતે સત્ય છે, અર્થાત્ અનુમાન પ્રમાણ દ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાનની સત્યતા સાબિત થયેલી છે.

## મનોયત્ન 6.1

**1. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ આપો :**

(1) ભારતીય દર્શનોમાં શેના અંગે વિચારણા થાય છે ?

(2) યથાર્થ અને અયથાર્થ જ્ઞાનને શું કહેવાય છે ?

(3) યથાર્થ જ્ઞાન મેળવવાના સાધનને શું કહેવાય છે ?

(4) ચાર્વાકદર્શન અનુસાર યથાર્થ જ્ઞાન કયા પ્રમાણ દ્વારા પ્રાપ્ત થાય છે ?

(5) બૌદ્ધદર્શન કયા બે પ્રમાણોને સ્વીકારે છે ?

(6) સાંખ્ય અને યોગદર્શન કેટલાં પ્રમાણોનો સ્વીકારે કરે છે ?

(7) અર્થાપત્તિ અને અનુપલબ્ધિ પ્રમાણોનો સ્વીકાર કોણે કર્યો છે ?

(8) ન્યાયદર્શનના પ્રતિપાદકોને શું કહેવાય છે ?

(9) અનુમાન પ્રમાણની પૂર્વ શરત કઈ છે ?

(10) પ્રમાણ દ્વારા ઉત્પન્ન થયેલું જ્ઞાન નિઃશંકપણે કેવું હોય છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો.**

(1) ભારતીય દર્શનો કેટલાં છે ? કયાં કયાં ?

(2) પ્રમાણ એટલે શું ?

(3) ન્યાયદર્શન અનુસાર પ્રમાણો કેટલાં છે ? કયાં કયાં ?

(4) વૈશેષિકદર્શન કયા પ્રમાણોને સ્વીકારે છે ?

(5) પ્રત્યક્ષ જ્ઞાન કોને કહેવાય છે ?

(6) અનુમાન શબ્દનો અર્થ જણાવો.

(7) પક્ષ એટલે શું ?

(8) હેતુ એટલે શું ?

(9) સાધ્ય એટલે શું ?

(10) અનુમાન ક્રિયાની અનિવાર્ય શરતો કઈ છે ?

* * * *

**ન્યાયદર્શનના અનુમાનનું બંધારણ**

ન્યાયદર્શન અનુસાર અનુમાનનું એક નિશ્ચિત માન્યરૂપ છે જેને શાબ્દિક રીતે પાંચ વાક્યો કે અવયવો દ્વારા રજૂ કરવામાં આવે છે. આ પાંચ વાક્યો દ્વારા રજૂ થતું અનુમાન પંચાવયવી (પાંચ અવયવોવાળું) કહેવાય છે. આ પાંચ અવયવોનાં નામ અને સ્વરૂપની સદૃષ્ટાંત સમજૂતી નીચે મુજબ છે.

(1) પ્રતિજ્ઞા (2) હેતુ (3) ઉદાહરણસહિત વ્યાપ્તિ (4) ઉપનય (5) નિગમન

**ભારતીય પંચાવયવી અનુમાન**

| અવયવ: ક્રમ | નામ | | ઉદાહરણ |
|---|---|---|---|
| 1. | પ્રતિજ્ઞા | → | તે પર્વત પર અગ્નિ છે. |
| 2. | હેતુ | → | કારણ કે, તે પર્વત પર ધુમાડો છે. |
| 3. | ઉદાહરણસહિત વ્યાપ્તિ | → | જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે. ઉદાહરણ તરીકે રસોડામાં. |
| 4. | ઉપનય | → | અગ્નિ સાથે વ્યાપ્તિસંબંધ ધરાવનાર ધુમાડો તે પર્વત પર છે. |
| 5. | નિગમન | → | તેથી, તે પર્વત પર અગ્નિ છે. |

ભારતીય અનુમાનનાં ઉપર્યુક્ત પાંચ અવયવોના સ્વરૂપ અને મહત્ત્વની અનુક્રમે સ્પષ્ટતા કરીએ :

**(1) પ્રતિજ્ઞા :**

પ્રતિજ્ઞા એ પંચાવયવી અનુમાનનો પ્રથમ અવયવ છે. **(તે પર્વત પર અગ્નિ છે)** અનુમાન દ્વારા જે જ્ઞાનની સત્યતા સાબિત કરવાની છે તે જ્ઞાનની રજૂઆત કરતા વાક્યને પ્રતિજ્ઞા તરીકે ઓળખવામાં આવે છે. પંચાવયવી અનુમાન એ એક વ્યક્તિએ પોતે માનસિક રીતે તારવેલા અનુમાનની બીજી વ્યક્તિ આગળ કરવામાં આવેલી શાબ્દિક રજૂઆત છે. વક્તાએ અનુમાન દ્વારા જે ફલિતવિધાન તારવ્યું છે તે શ્રોતાને પહેલેથી જ જણાવી દેવામાં આવે તો તે ફલિતવિધાન માટે અનુમાનમાં રજૂ થયેલા આધારવિધાનોનું શ્રોતા યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકે. ફલિતવિધાનનાં સંદર્ભમાં વિચાર કરતાં જો શ્રોતાને આધારવિધાનો સ્વીકાર્ય લાગે તો તેને આધારે તે ફલિતવિધાનની સત્યતાનો પણ સ્વીકાર કરે. આમ, જો સામી વ્યક્તિ પાસે તાર્કિક આધારો રજૂ કરીને જો ફલિતવિધાનનો સ્વીકાર કરાવવો હોય તો એ ફલિતવિધાન તેને પહેલેથી જ જણાવી દેવામાં આવે એ મનોવૈજ્ઞાનિક અને તાર્કિક બંને દૃષ્ટિએ ઉપકારક નીવડે છે. પ્રસ્તુત ઉદાહરણમાં વક્તા પ્રતિજ્ઞાવાક્ય રજૂ કરીને શ્રોતાને પ્રથમથી જ એમ

જણાવી દે છે કે ''હું તમારી આગળ તે પર્વત પર અગ્નિ છે, એમ સાબિત કરવા માંગુ છું.''

ઉપલક દૃષ્ટિએ, પ્રતિજ્ઞા એ ફલિતવિધાનનું નિરર્થક ઉચ્ચારણ હોય તેવું જણાય છે પરંતુ પ્રતિજ્ઞા એ પંચાવયવી અનુમાનમાં આવતું વધારાનું વાક્ય નથી. પણ સામી વ્યક્તિને પ્રતીતિ કરાવવા માટે રજૂ થયેલાં પંચાવયવી અનુમાનનું ખૂબ જ મહત્ત્વનું પ્રથમ સોપાન છે.

**(2) હેતુ :**

હેતુ એ પંચાવયવી અનુમાનનો બીજો અવયવ છે. કારણ કે, **('તે પર્વત પર ધુમાડો છે.')** જેના પ્રત્યક્ષ જ્ઞાનથી અનુમાનક્રિયાનો આરંભ થાય છે તેને હેતુ કહેવામાં આવે છે. નૈયાયિકોના મતે હેતુની પક્ષમાં હાજરી છે એવું પ્રત્યક્ષ જ્ઞાન થાય, તો અને તો જ અનુમાનની ક્રિયાનો આરંભ થાય છે. 'હેતુ'માં રજૂ થતા વાક્ય દ્વારા વક્તા શ્રોતાને એમ જણાવે છે કે પક્ષમાં સાધ્યની હાજરી સાબિત કરવા માટે પક્ષમાં જે હેતુની હાજરી હોવી જોઈએ તે ખરેખર છે એવું આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. પ્રસ્તુત ઉદાહરણમાં વક્તા હેતુવાક્ય રજૂ કરીને શ્રોતાને એમ જણાવે છે કે 'તે પર્વત પર અગ્નિ છે' એ ફલિતવિધાન સાબિત થઈ શકે તેમ છે. 'કારણ કે, તે પર્વત પર ધુમાડો છે.' આમ એ સ્પષ્ટ થાય છે કે હેતુ વાક્યમાં 'પક્ષમાં હેતુની હાજરીનું પ્રત્યક્ષ જ્ઞાન' એ અનુમાન ક્રિયા માટેની પ્રથમ શરતનું પાલન થાય છે. આથી હેતુ વાક્ય તાર્કિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે.

**(3) ઉદાહરણસહિત વ્યાપ્તિ :**

ઉદાહરણસહિત વ્યાપ્તિ એ પંચાવયવી અનુમાનનો ત્રીજો અવયવ છે. **(જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે. ઉદાહરણ તરીકે રસોડામાં.)** ન્યાયદર્શન અનુસાર અનુમાનક્રિયામાં હેતુનું પક્ષમાં પ્રત્યક્ષ જ્ઞાન થયા પછી હેતુ અને સાધ્ય વચ્ચેના વ્યાપ્તિસંબંધની સ્મૃતિ થાય એ જરૂરી છે. પંચાવયવી અનુમાનના આ અવયવ દ્વારા વક્તા શ્રોતાને હેતુ અને સાધ્ય વચ્ચેના વ્યાપ્તિસંબંધની સ્મૃતિ કરાવે છે. ઉદાહરણસહિત વ્યાપ્તિની રજૂઆતમાં આવતું ઉદાહરણ એમ સ્પષ્ટ કરે છે કે હેતુ અને સાધ્ય વચ્ચે વ્યાપ્તિસંબંધ છે એવું જ્ઞાન આપણને વાસ્તવિક ઉદાહરણોના નિરીક્ષણને આધારે મળેલું છે અને તેથી તે સર્વથા સ્વીકાર્ય છે. પ્રસ્તુત ઉદાહરણમાં વક્તા ઉદાહરણસહિત વ્યાપ્તિ રજૂ કરીને શ્રોતાને એમ જણાવે છે કે 'તે પર્વત પર અગ્નિ છે' એ ફલિતવિધાન સાબિત થઈ શકે તેમ છે, કારણ કે પર્વત પર ધુમાડો પ્રત્યક્ષ રીતે દેખાય છે અને 'જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એવું વ્યાપ્તિ વાક્ય રસોડાના જેવાં વિવિધ ઉદાહરણોનાં નિરીક્ષણ દ્વારા તારવવામાં આવેલું છે. આમ, એ સ્પષ્ટ થાય છે કે હેતુ અને સાધ્ય વચ્ચેના 'વ્યાપ્તિ સંબંધની સ્મૃતિ' એ અનુમાન ક્રિયાની બીજી શરતનું પાલન થયેલું છે. એમ જણાવતું પંચાવયવી અનુમાનનું આ ત્રીજું અવયવ ઉદાહરણસહિત વ્યાપ્તિ તાર્કિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે.

**(4) ઉપનય :**

ઉપનય એ પંચાવયવી અનુમાનનો ચોથો અવયવ છે. **(અગ્નિ સાથે વ્યાપ્તિ સંબંધ ધરાવનાર ધુમાડો તે પર્વત પર છે.)** ઉદાહરણસહિત વ્યાપ્તિવાક્યમાં હેતુ અને સાધ્ય વચ્ચેના વ્યાપ્તિસંબંધની જે વાત કરવામાં આવી છે તે પક્ષને બરાબર લાગુ પડે છે એમ જણાવતા પંચાવયવી અનુમાનના આ અવયવને એટલા માટે ઉપનય કહેવામાં આવે છે કે શ્રોતાને નિગમનની પાસે (ઉપ=પાસે) દોરી જાય છે. (નય=દોરવું). પ્રસ્તુત ઉદાહરણમાં વક્તા ઉપનયવાક્ય રજૂ કરીને શ્રોતાને એમ જણાવે છે કે 'તે પર્વત પર અગ્નિ છે.' એ ફલિતવિધાન સાબિત થઈ ચૂકેલા વિધાન બરાબર છે, કારણ કે 'અગ્નિ સાથે વ્યાપ્તિસંબંધ ધરાવનાર ધુમાડો તે પર્વત પર છે.'

નૈયાયિકોના મતે (1) પક્ષમાં હેતુની હાજરીનું પ્રત્યક્ષ જ્ઞાન અને (2) હેતુ અને સાધ્ય વચ્ચે વ્યાપ્તિસંબંધ છે એ હકીકતની સ્મૃતિ એ બે અનુમાનક્રિયાની અનિવાર્ય શરતો છે. ઉપનયવાક્ય એક જ કથન દ્વારા એમ જણાવી દે છે કે પ્રસ્તુત અનુમાનની બાબતમાં આ બન્ને શરતોનું યોગ્ય પાલન થયું છે અને તેથી હેતુના માધ્યમથી પક્ષ અને સાધ્યનો સંબંધ સ્થાપી શકાયો છે. આમ, ઉપનય દ્વારા ફલિતવિધાનની પૂરેપૂરી સાબિતી મળી રહે છે. આના પરથી એ સ્પષ્ટ થાય છે કે પંચાવયવી અનુમાનનો આ ચોથો અવયવ ઉપનય એ તાર્કિક દૃષ્ટિએ સૌથી વધારે મહત્ત્વનો છે.

**(5) નિગમન :**

નિગમન એ પંચાવયવી અનુમાનનો પાંચમો અવયવ છે. **(તેથી, તે પર્વત પર અગ્નિ છે.)** પંચાવયવી અનુમાનનું ચોથું વાક્ય ઉપનય દ્વારા વક્તા શ્રોતાને એ બાબતની પ્રતીતિ કરાવે છે કે સાધ્ય સાથે વ્યાપ્તિસંબંધ ધરાવનાર હેતુની પક્ષમાં હાજરી છે અને તેથી પક્ષમાં સાધ્યની હાજરીનું ભ્રમ અને શંકાથી મુક્ત એવું સત્ય જ્ઞાન આપણને અનુમાન દ્વારા મળે છે. આ અનુમાન દ્વારા મેળવેલ જ્ઞાનની તાર્કિક રીતે થયેલી રજૂઆત નિગમન તરીકે ઓળખાય છે. પ્રસ્તુત ઉદાહરણમાં વક્તા નિગમન રજૂ કરીને શ્રોતાને એમ જણાવે છે કે, અગ્નિ સાથે વ્યાપ્તિસંબંધ ધરાવનાર ધુમાડો તે પર્વત પર છે એની આપણે ખાતરી કરી લીધી છે. તેથી

'તે પર્વત પર અગ્નિ છે' એ ફલિતવિધાનનું અનુમાન પ્રમાણ દ્વારા આપણને જે જ્ઞાન થાય છે તે જ્ઞાન શંકા અને ભ્રમણાથી મુક્ત એવું સત્ય જ્ઞાન છે, એમ સિદ્ધ થાય છે.

પ્રતિજ્ઞાવાક્ય દ્વારા જે વિધાન સાબિતી માટે રજૂ કરવામાં આવ્યું હતું તે વિધાન હવે સાબિત થયેલું છે, એમ જણાવતો પંચાવયવી અનુમાનનો આ પાંચમો અવયવ નિગમન એ અનુમાનક્રિયાનું પરમ ફળ છે. નિગમન દ્વારા શ્રોતા અને વક્તા વચ્ચે યથાર્થ જ્ઞાન અંગે સંપૂર્ણ સહમતિ સધાય છે અને તેથી શ્રોતા અને વક્તા વચ્ચેના સંવાદનો અંત આવે છે. આમ એ સ્પષ્ટ થાય છે કે પંચાવયવી અનુમાનમાં નિગમનનું સ્થાન તાર્કિક તેમજ મનોવૈજ્ઞાનિક બંને દૃષ્ટિએ મહત્ત્વનું છે.

## મનોયત્ન 6.2

**1. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ આપો :**

(1) ભારતીય અનુમાનના બંધારણમાં કુલ કેટલા અવયવો છે ?

(2) પંચાયવયવી અનુમાનનો પ્રથમ અવયવ કયો છે ?

(3) કોના પ્રત્યક્ષ જ્ઞાનથી અનુમાન ક્રિયાનો આરંભ થાય છે ?

(4) પંચાવયવી અનુમાનના કયા અવયવમાં હેતુ અને સાધ્ય વચ્ચેના ''વ્યાપ્તિ સંબંધની સ્મૃતિ'' થાય છે ?

(5) ઉદાહરણસહિત વ્યાપ્તિમાં કયાં બે પદો આવે છે ?

(6) ભારતીય અનુમાનની શાબ્દિક રજૂઆતમાં આવતા ચોથા અવયવનું નામ શું છે ?

(7) ઉપનયમાં કેટલાં પદો હોય છે ?

(8) પંચાવયવી અનુમાનનો કયો અવયવ તાર્કિક દૃષ્ટિએ સૌથી વધારે મહત્ત્વપૂર્ણ છે ?

(9) પંચાવયવી અનુમાનનો પાંચમો અવયવ કયો છે ?

(10) પંચાવયવી અનુમાનનો કયો અવયવ અનુમાનક્રિયાનું પરમ ફળ છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો :**

(1) ભારતીય અનુમાનને શા માટે પંચાવયવી અનુમાન કહેવાય છે ?

(2) પંચાવયવી અનુમાનના પાંચ અવયવોના નામ લખો.

(3) 'પ્રતિજ્ઞા' એટલે શું ?

(4) 'પ્રતિજ્ઞા પંચાવયવી અનુમાનનું નિરર્થક વાક્ય નથી' શા માટે ?

(5) 'હેતુ' એટલે શું ?

(6) 'ઉદાહરણ સહિત વ્યાપ્તિ'નું ઉદાહરણ લખો.

(7) 'ઉપનય' એટલે શું ?

(8) નિગમન વાક્ય લખો.

(9) 'ઉપનય'માં અનુમાનક્રિયાની કઈ બે શરતોનું પાલન થાય છે ?

(10) 'નિગમન' એટલે શું ?

* * * *

### ન્યાયની દૃષ્ટિએ અનુમાનના પ્રકારો

ન્યાયની દૃષ્ટિએ અનુમાન કરનાર વ્યક્તિના પ્રયોજનને અનુલક્ષીને અનુમાનના બે પ્રકાર પડે છે :

(1) સ્વાર્થાનુમાન અને (2) પરાર્થાનુમાન. અનુમાનના આ બંને પ્રકારનો અનુક્રમે પરિચય મેળવીએ :

**(1) સ્વાર્થાનુમાન :**

સ્વાર્થાનુમાન એટલે અનુમાનકર્તાએ પોતાના જ્ઞાન માટે પોતાના મનમાં તારવેલું અનુમાન. આમ સ્વાર્થાનુમાન એ એનો શબ્દાર્થ સૂચવે છે તેમ 'પોતાના માટેનું' અનુમાન છે. દા. ત., કોઈ વ્યક્તિને (1) 'તે પર્વત પર ધુમાડો છે' એવું પ્રત્યક્ષ જ્ઞાન થાય અને (2) 'જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ' એ વ્યાપ્તિની સ્મૃતિ થાય તો આ બે બાબતોને આધારે તે વ્યક્તિ (3) 'તે પર્વત પર અગ્નિ છે' એવું અનુમાન તારવી શકે. કોઈ પણ વ્યક્તિએ આ રીતે પોતાના જ્ઞાન માટે મનોમન તારવેલું કોઈ પણ અનુમાન સ્વાર્થાનુમાન કહેવાય છે.

સ્વાર્થાનુમાન એ સ્વઅર્થે, પોતાને માટે થયેલું અનુમાન હોવાથી, તેને વાણી દ્વારા વ્યવસ્થિત રીતે રજૂ કરવાની જરૂર રહેતી નથી.

સ્વાર્થાનુમાન એ અનુમાનકર્તાએ પોતાને માટે તારવેલું હોવાથી એ મૂળ સ્વરૂપે શબ્દાત્મક નહિ પણ જ્ઞાનાત્મક હોય છે. આમ, '[illegible]।' નૈયાયિકોના મત મુજબ કોઈ પણ વ્યક્તિ જ્યારે પોતે પોતાને માટે તારેવલા અનુમાનની અન્ય વ્યક્તિને પ્રતીતિ કરાવવા ઇચ્છે છે ત્યારે તેને એ અનુમાનની પ્રતિજ્ઞા, હેતુ વગેરે વિધાનો દ્વારા વ્યવસ્થિત રજૂઆત કરવાની જરૂર પડે છે. આ રીતે વ્યવસ્થિત ભાષા દ્વારા માન્યરૂપમાં રજૂ થયેલું અનુમાન સ્વાર્થાનુમાન મટીને પરાર્થાનુમાનનું રૂપ ધારણ કરે છે.

**(2) પરાર્થાનુમાન :**

પરાર્થાનુમાન એટલે એક વ્યક્તિએ અન્ય વ્યક્તિને જ્ઞાન આપવા માટે તેની સમક્ષ રજૂ કરેલું અનુમાન. આમ 'પરાર્થાનુમાન' એ એનો શબ્દાર્થ સૂચવે છે તેમ 'બીજાને માટેનું અનુમાન' છે. એક વ્યક્તિ પોતે તારવેલા અનુમાનની બીજી વ્યક્તિ આગળ રજૂઆત કરે ત્યારે તેને ભાષાનો ઉપયોગ કરવો જ પડે છે. આથી નૈયાયિકો કહે છે કે પરાર્થાનુમાન શબ્દાત્મક કે ભાષાપરક છે. આમ, '[illegible]।' નૈયાયિકોના મત પ્રમાણે પરાર્થાનુમાનનું પ્રયોજન યોગ્ય રીતે સરે તે માટે તેની ભાષાકીય રજૂઆત પાંચ અવયવો કે વિધાનો દ્વારા થાય એ જરૂરી છે. પરાર્થાનુમાનની રજૂઆતમાં આવતાં આ પાંચ અવયવોનાં નામ અને તેમની રજૂઆતનો ક્રમ નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| પહેલું વિધાન | : | પ્રતિજ્ઞા |
| બીજું વિધાન | : | હેતુ |
| ત્રીજું વિધાન | : | ઉદાહરણસહિત વ્યાપ્તિ |
| ચોથું વિધાન | : | ઉપનય |
| પાંચમું વિધાન | : | નિગમન |

ઉપરનાં પાંચ વિધાનો દ્વારા નિર્દેશેલા ક્રમમાં આવેલી પરાર્થાનુમાનની રજૂઆત બે વ્યક્તિ વચ્ચે ચાલતા અર્થપૂર્ણ સંવાદ જેવી બને છે. જેને પરિણામે એક વ્યક્તિ પોતે મેળવેલા જ્ઞાનને બીજી વ્યક્તિમાં અસરકારક રીતે સંક્રાન્ત કરી શકે છે.

પરાર્થાનુમાન દ્વારા સામી વ્યક્તિને જે જ્ઞાન થાય છે તે શબ્દજન્ય છે છતાં તે જ્ઞાનને શબ્દપ્રમાણથી પ્રાપ્ત થયેલું કેમ ગણવામાં આવતું નથી ? આ પ્રશ્નના ઉત્તરમાં નૈયાયિકો જણાવે છે કે શબ્દ બોલનારને આપ્તજન માનીને તેના શબ્દોમાં વિશ્વાસ મૂકીને જે જ્ઞાન મેળવવામાં આવે તે જ્ઞાન શબ્દપ્રમાણથી પ્રાપ્ત થયેલું ગણાય છે. પરાર્થાનુમાનમાં સામી વ્યક્તિના શબ્દોમાં વિશ્વાસ મૂકીને નહિ પણ તેના શબ્દો દ્વારા રજૂ થતા તર્કની પરીક્ષા કરીને જ્ઞાન મેળવવામાં આવે છે. આમ, પરાર્થાનુમાન વડે પ્રાપ્ત થતું જ્ઞાન શબ્દજન્ય નથી પણ અનુમાનજન્ય જ છે. ફક્ત આ અનુમાનજન્ય જ્ઞાનમાં શબ્દની સહાય અનિવાર્ય છે. તેથી પરાર્થાનુમાનને શબ્દાત્મક ગણવામાં આવે છે. બાકી પરાર્થાનુમાન પણ સ્વાર્થાનુમાનની જેમ જ્ઞાનાત્મક જ છે.

## મનોયત્ન 6.3

**1. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ આપો :**

(1) સ્વાર્થાનુમાન એ કોના માટે કરેલું અનુમાન છે ?

(2) સ્વાર્થાનુમાન મૂળસ્વરૂપે કેવું છે ?

(3) સ્વાર્થાનુમાન બીજાને માટે રજૂ થાય ત્યારે કેવા પ્રકારનું અનુમાન બને છે ?

(4) પરાર્થાનુમાન એ કોના માટે કરેલું અનુમાન છે ?

(5) કેવા પ્રકારનું અનુમાન શબ્દાત્મક છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો :**

(1) ન્યાયની દૃષ્ટિએ અનુમાનના કેટલા પ્રકારો છે ? કયા કયા ?

(2) સ્વાર્થાનુમાન એટલે શું ?

(3) પરાર્થાનુમાન એટલે શું ?

(4) સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનના શબ્દાર્થ શું સૂચવે છે ?

(5) પરાર્થાનુમાનમાં આવતા પાંચ અવયવોનાં નામ જણાવો.

* * * *

**વ્યાપ્તિનું સ્વરૂપ અને તેના પ્રકારો :**

વ્યાપ્તિનું સ્વરૂપ અને તેના પ્રકારોની સ્પષ્ટ સમજૂતી મેળવવા માટે નીચેના મુદ્દાઓનું નિરૂપણ કરીએ :

1. વ્યાપ્તિનું લક્ષણ અને તેના ફલિતાર્થો
2. વ્યાપ્તિનું સમર્થન કરવાની વિધિ
3. વ્યાપ્તિના પ્રકારો

**1. વ્યાપ્તિનું લક્ષણ અને તેના ફલિતાર્થો**

વ્યાપ્તિ એટલે વ્યાપ્તિસંબંધની રજૂઆત કરતું સર્વદેશી વિધાન દા.ત., સર્વ શિંગડાંવાળાં પ્રાણીઓ વિભાજિત ખરીવાળાં પ્રાણીઓ છે.

'વ્યાપ્તિ એટલે અમુક એક વસ્તુનું બીજી અમુક વસ્તુ સાથેનું નિત્ય સાહચર્ય (Invariable Concomitance) છે.', એટલે કે જ્યાં અમુક એક વસ્તુ હોય છે ત્યાં બીજી અમુક વસ્તુ પણ હોય છે અને તે બંને વસ્તુઓ વચ્ચેના નિત્ય સંબંધનું કથન. દા.ત., જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે. **'[illegible]'**। (તર્કસંગ્રહ)

**(1) નિત્ય સાહચર્ય :**

આપણે જોઈ ગયા છીએ કે નિત્ય સાહચર્ય એટલે કાયમ સાથે હોવાપણું અર્થાત્ જ્યાં અમુક એક વસ્તુ હોય છે ત્યાં બીજી અમુક વસ્તુ પણ હોય છે તો તે બંને વસ્તુઓ વચ્ચે **'નિત્ય સહચાર'** છે. દા.ત.,

'જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એવો સર્વદેશી નિયમ તો જ રજૂ થઈ શકે કે જો ધુમાડાની હાજરી હોય અને છતાં અગ્નિની હાજરી ન હોય તેવો એક પણ પ્રસંગ આપણને જોવા મળતો ન હોય. ધુમાડાની હાજરીની સાથે અગ્નિની ગેરહાજરી ક્યારેય હોય નહીં તો અને તો જ, ધુમાડાના અગ્નિ સાથેના સાહચર્યની સર્વદેશી નિયમરૂપે રજૂઆત કરી શકાય. કોઈ પણ નિયમ સર્વદેશી નિયમ તો જ કહેવાય કે જો તે સાર્વત્રિક હોય. સર્વદેશી નિયમનો ભંગ થતો હોય તેવું એક પણ ઉદાહરણ મળી આવે તો તેને સર્વદેશી નિયમ કહી શકાય જ નહીં. આમ સર્વદેશી નિયમનું નિરપવાદપણે પાલન થતું હોય છે. વ્યાપ્તિની રજૂઆત સર્વદેશી નિયમરૂપે થાય છે તેનો અર્થ એ કે વ્યાપ્તિસંબંધ એ નિરપવાદ સંબંધ છે. આમ 'જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એ વ્યાપ્તિનો એક ફલિતાર્થ એ છે કે ધુમાડાનું અગ્નિ સાથેનું **સાહચર્ય** નિરપવાદ છે અને તેથી જ આ સાહચર્યને **નિત્ય સાહચર્ય** કહેવામાં આવે છે.

**(2) અવિનાભાવ સંબંધ :**

અવિનાભાવ સંબંધનો શબ્દાર્થ જ સૂચવે છે કે 'અ' એટલે નથી, 'વિના' એટલે વગર અને 'ભાવ' એટલે અસ્તિત્વ. અર્થાત અમુક એક વસ્તુનું અસ્તિત્વ બીજી અમુક વસ્તુ વિના શક્ય ન હોય તો તે બંને વસ્તુઓ વચ્ચે **અવિનાભાવ સંબંધ** છે. દા.ત.,

'જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એવો સર્વદેશી નિયમ તો જ રજૂ થઈ શકે જો ધુમાડાનું અસ્તિત્વ અગ્નિના અસ્તિત્વ વગર સંભવતું જ ન હોય. એટલે કે એક વસ્તુ ક્યારેય બીજી વસ્તુના અભાવમાં અસ્તિત્વ ધરાવતી નથી.' ધુમાડાને અગ્નિ સાથે અવિનાભાવ સંબંધ છે.' એમ કહેવાનો અર્થ એ છે કે ધુમાડાનું અસ્તિત્વ અગ્નિના અભાવમાં શક્ય નથી. નૈયાયિકોના મતે અવિનાભાવ સંબંધ એ નિરપવાદ નિયમરૂપે રજૂ થતા વ્યાપ્તિસંબંધની મૂળભૂત શરત છે. આનો અર્થ એ કે 'જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એ વ્યાપ્તિનો બીજો ફલિતાર્થ એ છે કે ધુમાડાનું અસ્તિત્વ અગ્નિના અભાવમાં હોતું નથી, કારણ કે ધુમાડાને અગ્નિ સાથે અવિનાભાવ સંબંધ છે.

**2. વ્યાપ્તિનું સમર્થન કરવાની વિધિ :**

આપણે જોઈ ગયા કે વ્યાપ્તિસંબંધની રજૂઆત કરતા સર્વદેશી વિધાનને વ્યાપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત.,

(1) સર્વ શિંગડાંવાળાં પ્રાણીઓ વિભાજિત ખરીવાળાં પ્રાણીઓ છે.

(2) સર્વ ધુમાડાવાળાં સ્થાનો અગ્નિવાળાં સ્થાનો છે.

(3) સર્વ માણસો મરણશીલ પ્રાણીઓ છે.

(4) સર્વ કાગડા કાળા છે.

(5) સર્વ શિંગડાંવાળાં પ્રાણીઓ પૂછડાંવાળાં પ્રાણીઓ છે.

ઉપર્યુક્ત વ્યાપ્તિવાક્યોનાં ઉદાહરણોનું સ્વરૂપ વિચારતાં એ સ્પષ્ટ થશે કે વ્યાપ્તિ વાક્યો એ વ્યાપ્તિલક્ષી સામાન્યીકરણો (Inductive Generalization) હોય છે. આવાં સામાન્યીકરણો કે સર્વદેશી વિધાનોમાં આવતાં 'સર્વ માણસો', 'સર્વ શિંગડાંવાળાં પ્રાણીઓ' કે 'સર્વ કાગડા'નું નિરીક્ષણ સંભવિત જ નથી. આનો અર્થ એ કે અમુક વર્ગની કેટલીક વ્યક્તિઓના નિરીક્ષણને આધારે વ્યાપ્તિવાક્યો તે વર્ગની સર્વ વ્યક્તિઓ અંગે સામાન્ય વિધાન રજૂ કરતાં હોય છે. 'કેટલાક'ને આધારે થતું 'સર્વ' અંગેનું અનુમાન વ્યાપ્તિલક્ષી અનુમાન કહેવાય છે. આવા વ્યાપ્તિલક્ષીમાં 'કેટલાક'ને આધારે 'સર્વ' અંગેનું અનુમાન તારવીએ છીએ તેને પાશ્ચાત્ય તર્કશાસ્ત્રમાં વ્યાપ્તિલક્ષી કૂદકો (Inductive Leap) તરીકે ઓળખવામાં આવે છે. આ વ્યાપ્તિલક્ષી કૂદકો એ પાશ્ચાત્ય તર્કશાસ્ત્રનો સળગતો પ્રશ્ન છે. પાશ્ચાત્ય તર્કશાસ્ત્રમાં આ સળગતા પ્રશ્નને 'વ્યાપ્તીકરણની સમસ્યા' (Problem of Induction) તરીકે ઓળખવામાં આવે છે. નૈયાયિકોએ આ સમસ્યાનું નિરાકરણ **વ્યાપ્તિનું સમર્થન કરવાની વિધિ** આપીને તર્કશાસ્ત્રના ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કરેલું છે.

નૈયાયિકોએ વ્યાપ્તિનું સમર્થન કરવાની જે વિધિ આપેલી છે તેનાં સોપાનોનું વિશ્લેષણ નીચે મુજબ છે.

(1) અન્વય પદ્ધતિ

(2) વ્યતિરેક પદ્ધતિ

(3) વ્યભિચારગ્રહ પદ્ધતિ

(4) સામાન્યલક્ષણ પ્રત્યક્ષાનુભૂતિ

**(1) અન્વય પદ્ધતિ :**

અન્વય એટલે કે એક બાબતની હાજરીની સાથે બીજી બાબતની હાજરી હોવી તે. જે બે બાબતો વચ્ચેના વ્યાપ્તિસંબંધને લગતું સર્વદેશી વિધાન સત્ય વિધાન તરીકે સ્થાપિત કરવાનું હોય તે બે બાબતો વચ્ચે અન્વય છે કે કેમ તેની વ્યાપક નિરીક્ષણ દ્વારા તપાસ કરવી, એટલે કે અન્વય પદ્ધતિ પ્રયોજવી એ વ્યાપ્તિસમર્થનવિધિનું પ્રથમ સોપાન છે. આ સોપાન દ્વારા મળેલા સમર્થક પુરાવાઓ વડે એમ સ્પષ્ટ થાય છે કે 'તપાસ હેઠળ'ની વ્યાપ્તિ કે વ્યાપ્તિલક્ષી સામાન્યીકરણ સત્ય હોવાની સંભાવના ઘણી વધારે છે. દા.ત., અન્વય પદ્ધતિના પ્રયોગથી એમ સ્પષ્ટ થાય છે કે, (1) જ્યાં ધુમાડાની હાજરી હોય ત્યાં અગ્નિની પણ હાજરી હોય છે, (2) જ્યાં માણસપણાની હાજરી હોય છે ત્યાં મરણશીલતાની પણ હાજરી હોય છે અને (3) જે પ્રાણીને માથે શિંગડાં હોય છે તે પ્રાણીને પૂંછડું પણ હોય છે. આ પુરાવાઓને આધારે એમ કહી શકાય કે, (1) જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ, (2) સર્વ માણસો મરણશીલ છે અને (3) સર્વ શિંગડાંવાળાં પ્રાણીઓ પૂંછડાંવાળાં છે એ સર્વદેશી વિધાનો કે વ્યાપ્તિલક્ષી સામાન્યીકરણો સત્ય હોવાની સંભાવના ઘણી વધારે છે.

**(2) વ્યતિરેક પદ્ધતિઃ**

વ્યતિરેક એટલે એક બાબતની ગેરહાજરીની સાથે બીજી બાબતની ગેરહાજરી હોવી તે. જે બે બાબતો વચ્ચેના વ્યાપ્તિસંબંધને લગતું સર્વદેશી વિધાન સત્ય વિધાન તરીકે સ્થાપિત કરવાનું હોય તે બે બાબતો વચ્ચે વ્યતિરેક છે કે કેમ તેની વ્યાપક નિરીક્ષણ દ્વારા તપાસ કરવી. એટલે કે વ્યતિરેક પદ્ધતિ પ્રયોજવી એ વ્યાપ્તિસમર્થનવિધિનું બીજું સોપાન છે. આ સોપાન દ્વારા મળેલા સમર્થક પુરાવાઓ વડે એમ સ્પષ્ટ થાય છે કે તપાસ હેઠળનું સર્વદેશી વિધાન કે વ્યાપ્તિલક્ષી સામાન્યીકરણ સત્ય હોવાની સંભાવના ઘણી વધારે છે. દા.ત., વ્યતિરેક પદ્ધતિના પ્રયોગથી એમ સ્પષ્ટ થાય છે કે (1) જ્યાં અગ્નિની ગેરહાજરી હોય છે ત્યાં ધુમાડાની પણ ગેરહાજરી હોય છે. (2) જ્યાં મરણશીલતાની ગેરહાજરી હોય છે ત્યાં માણસપણાની પણ ગેરહાજરી હોય છે અને (3) જે પ્રાણીને પૂંછડું હોતું નથી તેને માથે શિંગડાં પણ હોતાં નથી. આ પુરાવાઓને આધારે એમ કહી શકાય કે (1) સર્વ ધુમાડાવાળાં સ્થાનો અગ્નિસ્થાનો છે. (2) દરેક માણસ મરણશીલ છે અને (3) તમામ શિંગડાંવાળાં પ્રાણીઓ પૂંછડાંવાળાં હોય છે, એ વ્યાપ્તિલક્ષી સામાન્યીકરણો સત્ય હોવાની સંભાવના ઘણી વધારે છે.

**(3) વ્યભિચારગ્રહ પદ્ધતિ :**

વ્યભિચારગ્રહ એટલે વિરોધી દૃષ્ટાંતને શોધી કાઢવું તે. આપણે જોયું કે જે બે બાબતો વચ્ચેના વ્યાપ્તિસંબંધને લગતું સર્વદેશી વિધાન સત્ય વિધાન તરીકે સ્થાપિત કરવાનું હોય તે બે બાબતો વચ્ચે અનિવાર્ય સાહચર્ય છે એમ (1) અન્વય પદ્ધતિ અને (2) વ્યતિરેક પદ્ધતિના પ્રયોગો દ્વારા સ્પષ્ટ થવાથી પ્રસ્તુત સર્વદેશી વિધાન સત્ય હોવાની સંભાવના ઘણી વધી જાય છે. આ

સંભાવનાની માત્રામાં વિશેષ ઉમેરો કરવા માટે વિરોધી દૃષ્ટાંત મળે છે કે કેમ તેની વ્યાપક નિરીક્ષણ દ્વારા તપાસ કરવી, એટલે કે વ્યભિચારગ્રહ પદ્ધતિ પ્રયોજવી એ વ્યાપ્તિસમર્થન વિધિનું ત્રીજું સોપાન છે. આ સોપાન દ્વારા એમ સ્પષ્ટ થાય છે કે તપાસ હેઠળના સર્વદેશી વિધાનને અસત્ય સાબિત કરે તેવું એક પણ વિરોધી દૃષ્ટાંત ખાસ પ્રયત્ન કરવા છતાં મળતું નથી અને તેથી આ સર્વદેશી વિધાન સત્ય હોવાની સંભાવના ઘણી વધી જાય છે. દા.ત., વ્યભિચારગ્રહ પદ્ધતિના પ્રયોગથી એમ સ્પષ્ટ થાય છે કે (1) જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ પણ હોય જ છે અને જ્યાં અગ્નિ નથી હોતો ત્યાં ધુમાડો પણ હોતો જ નથી, (2) જ્યાં માણસપણાની હાજરી હોય છે ત્યાં મરણશીલતાની પણ હાજરી હોય છે અને જ્યાં મરણશીલતા હોતી નથી ત્યાં માણસપણું પણ હોતું જ નથી અને (3) જે પ્રાણી શિંગડાંવાળું હોય છે તે પૂંછડાવાળું પણ હોય જ છે અને જે પ્રાણીને પૂંછડું નથી હોતું તેને શિંગડું પણ હોતું જ નથી. વિરોધી દૃષ્ટાંત નહીં મળવાના આ પુરાવાઓને આધારે એમ કહી શકાય કે (1) જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ, (2) સર્વ માણસો મરણશીલ છે અને (3) બધાં શિંગડાંવાળાં પ્રાણીઓ પૂંછડાંવાળાં છે એ સર્વદેશી વિધાનો અસત્ય હોવાની કોઈ સંભાવના નહિવત્ રહે છે અર્થાત્ આ વિધાનો સત્ય હોવાની સંભાવના એકદમ વધી જાય છે.

### (4) સામાન્યલક્ષણપ્રત્યક્ષાનુભૂતિ :

(1) અન્વય પદ્ધતિ, (2) વ્યતિરેક પદ્ધતિ અને (3) વ્યભિચારગ્રહ પદ્ધતિ — એ વ્યાપ્તિસમર્થનની વિધિનાં ત્રણ સોપાનો દ્વારા સ્પષ્ટ થાય છે કે તપાસ હેઠળનું વ્યાપ્તિલક્ષી સામાન્યીકરણ અસત્ય હોવાની સંભાવના નહિવત્ છે અને સત્ય હોવાની સંભાવના વિપુલ માત્રામાં છે. સંભવિતતાની અધિકતમ માત્રા એ સાબિતીનું બીજું નામ નથી. આનો અર્થ એ કે વ્યાપ્તિસમર્થન વિધિનાં ત્રણેય સોપાનો તપાસ હેઠળનાં સર્વદેશી વિધાન સત્ય છે એમ સાબિત કરી શકતાં નથી. આ પ્રકારની સાબિતી મેળવવા માટે નૈયાયિકો વ્યાપ્તિસમર્થન વિધિના ચોથા સોપાનનો આશ્રય લે છે.

સામાન્યલક્ષણપ્રત્યક્ષાનુભૂતિ એટલે કોઈ પણ વર્ગની સામાન્ય કે સાર્વત્રિક લાક્ષણિકતાનો અંતઃસ્ફુરણા કે માનસપ્રત્યક્ષ દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ જે વ્યાપ્તિ વાક્ય કે સર્વદેશી વિધાન સત્ય વિધાન તરીકે સ્થાપિત કરવાનું હોય તેનાં ઉદ્દેશ્યપદની સામાન્ય કે સાર્વત્રિક લાક્ષણિકતાને અંતઃસ્ફુરણા કે માનસપ્રત્યક્ષ દ્વારા જાણવાનો પ્રયત્ન કરવો એ વ્યાપ્તિસમર્થન વિધિનું ચોથું અને સૌથી વધારે મહત્ત્વનું સોપાન છે. આ સોપાન દ્વારા થયેલી પ્રત્યક્ષાનુભૂતિ વડે એવું સ્પષ્ટ અને નિર્ભ્રાન્ત જ્ઞાન થાય છે કે તપાસ હેઠળનું સર્વદેશી વિધાન સત્ય છે, કારણ કે એ વિધાનના ઉદ્દેશ્યપદની સામાન્ય કે સાર્વત્રિક લાક્ષણિકતાનો જ તેના વિધેયપદમાં નિર્દેશ થયેલો છે અને તેથી જ્યાં તેનું ઉદ્દેશ્યપદ હોય ત્યાં તેનું વિધેયપદ હોય એ બાબતમાં શંકાને લેશમાત્ર અવકાશ નથી. દા.ત., સામાન્યલક્ષણપ્રત્યક્ષાનુભૂતિથી વ્યાપ્તિસત્ય સંશોધકને એવું સ્પષ્ટ અને નિર્ભ્રાન્ત પ્રત્યક્ષજ્ઞાન થાય છે કે (1) માણસના વર્ગની સામાન્ય લાક્ષણિકતા જ એવી છે તે મરણશીલ હોવું એ કોઈ પણ માણસ માટે અનિવાર્ય છે, (2) શિંગડાંવાળાં પ્રાણીના વર્ગની સાર્વત્રિક લાક્ષણિકતા જ એવી છે કે, પૂંછડાંવાળાં હોવું એ કોઈ પણ શિંગડાંવાળા પ્રાણી માટે અનિવાર્ય છે અને (3) ધુમાડાવાળાં સ્થાનોના વર્ગની સામાન્ય લાક્ષણિકતા જ એવી છે કે તેની સાથે અગ્નિનું હોવું અનિવાર્ય છે. આ પ્રકારની સામાન્યલક્ષણપ્રત્યક્ષાનુભૂતિને આધારે દૃઢતાપૂર્વક એમ કહી શકાય કે (1) સર્વ માણસો મરણશીલ છે, (2) સર્વ શિંગડાંવાળાં પ્રાણીઓ પૂંછડાંવાળાં છે અને (3) સર્વ ધૂમ્રસ્થાનો અગ્નિસ્થાનો છે — એ સર્વદેશી વિધાનો નિઃશંકપણે સત્ય છે.

## 3. વ્યાપ્તિના પ્રકારો :

વ્યાપ્તિસંબંધ રજૂ કરતા સર્વદેશી વિધાનમાં આવતા ઉદ્દેશ્યપદ અને વિધેયપદના વિસ્તારને અનુસરીને વ્યાપ્તિના (1) સમવ્યાપ્તિ અને (2) અસમવ્યાપ્તિ એવા બે પ્રકાર પડે છે. આ બંને પ્રકારોની વ્યાપ્તિનો અનુક્રમે પરિચય મેળવીએ :

**(1) સમવ્યાપ્તિ :** જે વ્યાપ્તિમાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદનો વિસ્તાર સમાન હોય તે વ્યાપ્તિને સમવ્યાપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત.,

(i) સર્વ સજીવ પ્રાણીઓ મરણશીલ પ્રાણીઓ છે.

(ii) સર્વ જ્ઞેય વસ્તુઓ વર્ણવી શકાય તેવી વસ્તુઓ છે.

સમવ્યાપ્તિમાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદનો વિસ્તાર સમાન હોવાથી જે વસ્તુને ઉદ્દેશ્યપદ લાગુ પડે તેને વિધેયપદ પણ લાગુ પડતું હોય છે અને જે વસ્તુને વિધેયપદ લાગુ પડે તેને ઉદ્દેશ્યપદ પણ લાગુ પડતું હોય છે. આમ સમવ્યાપ્તિનાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદ એક જ વસ્તુનાં બે નામ બરાબર હોય છે. આથી સમવ્યાપ્તિના ઉદ્દેશ્યપદને સ્થાને વિધેયપદ અને વિધેયપદને સ્થાને ઉદ્દેશ્યપદ મૂકી શકાય છે. આનો અર્થ એ કે સમવ્યાપ્તિનું પરિવર્તન થઈ શકે છે આમ, સમવ્યાપ્તિનું પરિવર્તન કરવામાં આવે તેને કારણે જે અન્ય વિધાન મળે તેનો અર્થ મૂળ વિધાનના અર્થ જેવો જ છે. દા.ત.,

(i) સર્વ સજીવ પ્રાણીઓ મરણશીલ પ્રાણીઓ છે.

**પરિવર્તન :** સર્વ મરણશીલ પ્રાણીઓ સજીવ પ્રાણીઓ છે.

(**ii**) સર્વ જ્ઞેય વસ્તુઓ વર્ણવી શકાય તેવી વસ્તુઓ છે.

**પરિવર્તન :** સર્વ વર્ણવી શકાય તેવી વસ્તુઓ જ્ઞેય વસ્તુઓ છે.

સમવ્યાપ્તિનાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદનો વિસ્તાર સમાન હોય છે એ બાબતની આકૃતિ દ્વારા સમજૂતી મેળવવા માટે આપણે 'સર્વ મરણશીલ પ્રાણીઓ સજીવ પ્રાણીઓ છે' એ સમવ્યાપ્તિનાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદનું ક્ષેત્ર સૂચવતાં વર્તુળો દોરીએ




ઉપરનાં બે વર્તુળો એકબીજાને કેટલી હદે સ્પર્શી શકે તેમ છે તેનો વિચાર કરતાં એ સ્પષ્ટ થાય છે કે જે પ્રાણી સજીવ હોય છે તે મરણશીલ હોય છે અને જે પ્રાણી મરણશીલ હોય તે સજીવ હોય છે. તેથી આ બે વર્તુળોને એકબીજા સાથે જોડવા જતાં આપણને નીચેનું એક જ વર્તુળ પ્રાપ્ત થાય છે.




**2. અસમવ્યાપ્તિ :** જે વ્યાપ્તિના વિધેયપદનો વિસ્તાર તેના ઉદ્દેશ્યપદના વિસ્તાર કરતાં વધારે વ્યાપક હોય અને તેની અંદર ઉદ્દેશ્યપદનો વિસ્તાર સમાઈ જતો હોય તે વ્યાપ્તિને અસમવ્યાપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. અસમવ્યાપ્તિને વિષમવ્યાપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત.,

(i) સર્વ માણસો મરણશીલ પ્રાણીઓ છે.

(ii) સર્વ વિદ્યાર્થીઓ યુવાનો છે.

વિષમવ્યાપ્તિ કે અસમવ્યાપ્તિના ઉદ્દેશ્યપદનો વિસ્તાર તેના વિધેયપદના વિસ્તારમાં સમાવિષ્ટ હોવાથી જે વસ્તુને ઉદ્દેશ્યપદ લાગુ પડે તેને વિધેયપદ પણ લાગુ પડતું હોય છે. જો કે જે વસ્તુને વિધેયપદ લાગુ પડે તે તમામ વસ્તુને ઉદ્દેશ્યપદ લાગુ પડતું નથી, કારણ કે અસમવ્યાપ્તિમાં વિધેયપદનો વિસ્તાર તેના ઉદ્દેશ્યપદના વિસ્તાર કરતાં વધારે વ્યાપક હોય છે. અસમવ્યાપ્તિના ઉદ્દેશ્યપદના ક્ષેત્ર કરતાં વિધેયપદનું ક્ષેત્ર વિશાળ હોવાથી અસમવ્યાપ્તિનું પરિવર્તન થઈ શકતું નથી. કારણ કે અસમવ્યાપ્તિનું પરિવર્તન કરવાથી વિધાનનો અર્થ જળવાતો નથી. દા.ત.,


(i) સર્વ માણસો મરણશીલ પ્રાણીઓ છે.

**પરિવર્તન :** સર્વ મરણશીલ પ્રાણીઓ માણસો છે.

(ii) સર્વ વિદ્યાર્થીઓ યુવાનો છે.

**પરિવર્તન :** સર્વ યુવાનો વિદ્યાર્થીઓ છે.

અસમવ્યાપ્તિ કે વિષમવ્યાપ્તિના વિધેયપદનો વિસ્તાર તેના ઉદ્દેશ્યપદના વિસ્તાર કરતાં વધારે વ્યાપક હોય છે અને તેની અંદર ઉદ્દેશ્યપદનો વિસ્તાર સમાઈ જતો હોય છે એ બાબતની આકૃતિ દ્વારા સમજૂતી મેળવવા માટે આપણે 'સર્વ માણસો મરણશીલ છે' એ અસમવ્યાપ્તિના ઉદ્દેશ્યપદ અને વિધેયપદનું ક્ષેત્ર સૂચવતાં વર્તુળો દોરીએ :




ઉપરના બે વર્તુળોમાં 'માણસ' નું વર્તુળ 'મરણશીલ પ્રાણીઓ' ના વર્તુળમાં સમાવિષ્ટ છે અને એ જોતાં એમ સ્પષ્ટ થાય છે કે માણસના વર્ગનો પ્રત્યેક સભ્ય મરણશીલ હોય છે પણ મરણશીલ પ્રાણીના વર્ગનો પ્રત્યેક સભ્ય માણસ હોતો નથી.

## મનોયત્ન 6.4

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) વ્યાપ્તિસંબંધની રજૂઆત કરતું સર્વદેશી વિધાન એટલે શું ?

(2) ''કાયમ સાથે હોવાપણું'' કેવા પ્રકારનો સંબંધ છે ?

(3) વ્યાપ્તિસંબંધની મૂળભૂત શરતો કેટલી છે ?

(4) વ્યાપ્તિસમર્થન વિધિના સોપાનો કેટલાં છે ?

(5) વ્યાપ્તિસમર્થનની કઈ પદ્ધતિમાં 'એક બાબતની હાજરી સાથે બીજી બાબતની હાજરી' જોવા મળે છે ?

(6) વ્યાપ્તિસમર્થન વિધિનું બીજું સોપાન કયું છે ?

(7) વ્યાપ્તિસમર્થનની કઈ પદ્ધતિમાં વિરોધી દૃષ્ટાંત શોધી કાઢવામાં આવે છે ?

(8) વ્યાપ્તિના બે પ્રકારોના નામ લખો.

(9) કેવા પ્રકારની વ્યાપ્તિમાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદનો વિસ્તાર સમાન હોય છે ?

(10) અસમવ્યાપ્તિને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો :**

(1) વ્યાપ્તિ એટલે શું ?

(2) નિત્ય સાહચર્યનું એક ઉદાહરણ લખો.

(3) અવિનાભાવ સંબંધનો શબ્દાર્થ સમજાવો.

(4) વ્યાપ્તિના બે ફલિતાર્થો કયા છે ?

(5) 'વ્યાપ્તિ કૂદકો' એટલે શું ?

(6) વ્યાપ્તિસમર્થન કરવાની વિધિના સોપાનો જણાવો.

(7) વ્યતિરેક પદ્ધતિ એટલે શું ?

(8) સામાન્યલક્ષણપ્રત્યક્ષાનુભૂતિ એટલે શું ?

(9) સમવ્યાપ્તિનું ઉદાહરણ લખો.

(10) અસમવ્યાપ્તિ એટલે શું ?

* * * *

**પંચાવયવી અનુમાનની નિરુપાધિક સંવિધાન સાથે તુલના :**

જેવી રીતે પંચાવયવી અનુમાન એ ભારતીય તર્કશાસ્ત્રમાં આવતો મહત્ત્વપૂર્ણ અભ્યાસવિષય છે તેવી રીતે નિરુપાધિક સંવિધાન એ પાશ્ચાત્ય તર્કશાસ્ત્રમાં આવતો મહત્ત્વપૂર્ણ અભ્યાસવિષય છે. વળી આ બંને વચ્ચે જે સામ્ય અને ભેદ છે તે જાણવાથી આપણને ભારતીય તર્કશાસ્ત્ર અને પાશ્ચાત્ય તર્કશાસ્ત્રના અભિગમોની વધારે સારી સમજ મળે છે. આથી આપણે પૃ.95 મુદ્દાઓને અનુલક્ષીને પંચાયવયવી અનુમાનની નિરુપાધિક સંવિધાન સાથે તુલના કરીશું.

1. પંચાવયવી અનુમાનના અને નિરુપાધિક સંવિધાનનાં ઘટકરૂપ પદો
2. પંચાવયવી અનુમાનનાં અને નિરુપાધિક સંવિધાનનાં ઘટકરૂપ વિધાનો
3. ઉદાહરણસહિત વ્યાપ્તિ અને સાધ્યવિધાન
4. ઉપનય અને પક્ષવિધાન
5. પંચાવયવી અનુમાનના નિગમનની અને નિરુપાધિક સંવિધાનનાં ફલિતવિધાનની સ્વીકાર્યતાનાં ધોરણો.

**1. પંચાવયવી અનુમાનનાં અને નિરુપાધિક સંવિધાનનાં ઘટકરૂપ પદો :**

પંચાવયવી અનુમાનમાં (1) પક્ષ (2) સાધ્ય અને (3) હેતુ એ ત્રણ પદો આવે છે. નિરુપાધિક સંવિધાનમાં પણ (1) પક્ષપદ (2) સાધ્યપદ અને (3) મધ્યપદ એ ત્રણ પદો આવે છે. પંચાવયવી અનુમાનમાં હેતુની મધ્યસ્થી વડે પક્ષ અને સાધ્ય વચ્ચેનો સંબંધ નિગમનમાં સ્થાપી શકાય છે. નિરુપાધિક સંવિધાનમાં પણ મધ્યપદની મધ્યસ્થી વડે પક્ષપદ અને સાધ્યપદ વચ્ચેનો સંબંધ ફલિતવિધાનમાં સ્થાપી શકાય છે. આમ એ સ્પષ્ટ થાય છે કે પદોની સંખ્યા અને તેમની વચ્ચેનો સંબંધ એ બંનેની દૃષ્ટિએ પંચાવયવી અનુમાન અને નિરુપાધિક સંવિધાન વચ્ચે મૂળભૂત સામ્ય છે.

**2. પંચાવયવી અનુમાનનાં અને નિરુપાધિક સંવિધાનનાં ઘટકરૂપ વિધાનો :**

પંચાવયવી અનુમાનમાં (1) પ્રતિજ્ઞા (2) હેતુ (3) ઉદાહરણસહિત વ્યાપ્તિ (4) ઉપનય અને (5) નિગમન એ પાંચ વિધાનો આવે છે. નિરુપાધિક સંવિધાનમાં (1) સાધ્યવિધાન (2) પક્ષવિધાન અને (3) ફલિતવિધાન એ ત્રણ વિધાનો આવે છે.

પંચાવયવી અનુમાન અને નિરુપાધિક સંવિધાનમાં આવતાં વિધાનોની સંખ્યામાં જે ફરક પડે છે તેનું કારણ તાર્કિક નથી પણ મનોવૈજ્ઞાનિક છે. પંચાવયવી અનુમાનની રજૂઆત સામી વ્યક્તિના જ્ઞાનલાભ માટે કરવામાં આવેલી હોય છે. આથી પંચાવયવી અનુમાનને નૈયાયિકો પરાર્થાનુમાન કહે છે. વક્તાએ અનુમાન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેનો શ્રોતા પૂરી બૌદ્ધિક સમજણ સાથે સ્વીકાર કરે એ પંચાવયવી અનુમાનની રજૂઆત કરનાર વક્તાનું પ્રયોજન છે. આને કારણે વક્તાએ એ બાબતનું ધ્યાન રાખવાનું હોય છે કે તેની રજૂઆત મનોવૈજ્ઞાનિક અને તાર્કિક બંને રીતે પ્રભાવક હોય. આવી પ્રભાવક રજૂઆત કરવા માટે પાંચ વિધાનો નિશ્ચિત ક્રમમાં રજૂ કરવાની જરૂર પડે છે.

પરાર્થાનુમાનના ઉપર્યુક્ત પ્રયોજનને ભૂલીને અનુમાનના મૂળ તાર્કિક સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો નિરુપાધિક સંવિધાનની જેમ ભારતીય અનુમાનની પણ ત્રણ વિધાનો દ્વારા રજૂઆત થઈ શકે. એટલું જ નહિ, ભારતીય અનુમાનનાં આ રીતે પસંદ કરેલાં ત્રણ વિધાનો નિરુપાધિક સંવિધાનના રૂપમાં રજૂ થઈ શકે તેમ છે. દા.ત.,

| | | | | | |
|---|---|---|---|---|---|
| સાધ્યવિધાન : | સર્વ ધૂમ્રસ્થાનો અગ્નિસ્થાનો છે. | | **મ** | હા | સા |
| પક્ષવિધાન : | આ પર્વત ધૂમ્રસ્થાન છે. | | પ | હા | **મ** |
| ફલિતવિધાન : | તેથી આ પર્વત અગ્નિસ્થાન છે. | ∴ | પ | હા | સા |

પાશ્ચાત્ય તર્કશાસ્ત્રમાં નિરુપાધિક સંવિધાનની ચારેય આકૃતિઓ પૈકી પહેલી આકૃતિ સર્વશ્રેષ્ઠ મનાય છે અને આ આકૃતિના પ્રમાણભૂત ભેદો પૈકી ‘હાહાહા’ ભેદ સર્વશ્રેષ્ઠ મનાય છે. હાહાહા ભેદ પહેલી આકૃતિ સિવાયની કોઈ પણ આકૃતિમાં પ્રમાણભૂત નથી. ભારતીય અનુમાનને નિરુપાધિક સંવિધાનની પહેલી આકૃતિના હાહાહા ભેદમાં રજૂ કરી શકાય છે એનો અર્થ એ કે પાશ્ચાત્ય તર્કશાસ્ત્રની દૃષ્ટિએ ભારતીય અનુમાનની રજૂઆત સર્વશ્રેષ્ઠ હોવાનો ગુણ ધરાવે છે.

જેવી રીતે ભારતીય અનુમાનની રજૂઆત નિરુપાધિક સંવિધાનની પહેલી આકૃતિના હાહાહા ભેદ (હાહાહા-1)માં થઈ શકે છે તેવી રીતે 1- હાહાહામાં રજૂ થતા નિરુપાધિક સંવિધાનના સુવિખ્યાત દૃષ્ટાંતને પંચાવયવી અનુમાનના રૂપમાં નીચે પ્રમાણે રજૂ કરી શકાય છે.

| | | |
|---|---|---|
| પ્રતિજ્ઞા | - | દેવદત્ત મરણશીલ છે. |
| હેતુ | - | કેમ કે તે માણસ છે. |
| ઉદાહરણસહિત વ્યાપ્તિ | - | જે કોઈ વ્યક્તિ માણસ હોય છે તે મરણશીલ હોય છે. દા.ત., ગૌતમ બુધ્ધ |
| ઉપનય | - | મરણશીલતા સાથે વ્યાપ્તિસંબંધ ધરાવનાર માણસપણું દેવદત્તમાં છે. |
| નિગમન | - | તેથી, દેવદત્ત મરણશીલ છે. |

પંચાવયવી અનુમાનને નિરુપાધિક સંવિધાનના રૂપમાં અને નિરુપાધિક સંવિધાનને પંચાવયવી અનુમાનના રૂપમાં રજૂ કરી શકાય છે. એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે આ બંને પ્રકારના અનુમાનમાં આવતાં વિધાનોનું તાર્કિક સ્વરૂપ અને કાર્ય

મૂળભૂત રીતે એકસરખું છે. આ બાબતની સાબિતી આપવા માટે આપણે આ બંને પ્રકારનાં અનુમાનોને 'પૂર્વાંગના સ્વીકાર પરથી ઉત્તરાંગના સ્વીકાર'ને લગતા અનુમાનના અત્યંત વ્યાપક રૂપમાં રજૂ કરી બતાવીએ :

| | | |
|---|---|---|
| **ભારતીય અનુમાન** | | **રૂપ** |
| જો આ પર્વત ધૂમ્રસ્થાન છે તો આ પર્વત અગ્નિસ્થાન છે. | | $p \rightarrow q$ |
| આ પર્વત ધૂમ્રસ્થાન છે. | | $p$ |
| આ પર્વત અગ્નિસ્થાન છે. | $\therefore$ | $q$ |
| **નિરુપાધિક સંવિધાન** | | **રૂપ** |
| જો દેવદત્ત માણસ છે તો દેવદત્ત મરણશીલ છે. | | $p \rightarrow q$ |
| દેવદત્ત માણસ છે. | | $p$ |
| દેવદત્ત મરણશીલ છે. | $\therefore$ | $q$ |

**3. ઉદાહરણસહિત વ્યાપ્તિ અને સાધ્યવિધાન :**

પંચાવયવી અનુમાનને નિરુપાધિક સંવિધાનમાં અને નિરુપાધિક સંવિધાનને પંચાવયવી અનુમાનમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે રૂપાંતરિત કરવામાં આવે તો એ સ્પષ્ટ થાય છે કે પંચાવયવી અનુમાનમાં ઉદાહરણ સહિત વ્યાપ્તિનું જે સ્થાન અને કાર્ય છે તે સ્થાન અને કાર્ય નિરુપાધિક સંવિધાનમાં સાધ્યવિધાનનું છે. આ દૃષ્ટિએ ઉદાહરણ સહિત વ્યાપ્તિ અને સાધ્યવિધાન વચ્ચે મૂળભૂત સામ્ય છે.

ઉદાહરણસહિત વ્યાપ્તિ અને સાધ્યવિધાન વચ્ચે મૂળભૂત સામ્ય હોવા ઉપરાંત મૂળભૂત ભેદ પણ છે. આ બંને વચ્ચેનો મૂળભૂત ભેદ એ છે કે ઉદાહરણસહિત વ્યાપ્તિમાં સર્વદેશી વિધાનની સાથે જેનું વાસ્તવિક રીતે નિરીક્ષણ થઈ શકે તેવું ઉદાહરણ મૂકવાનું અનિવાર્ય છે અને તેથી ઉદાહરણસહિત વ્યાપ્તિ તરીકે રજૂ થયેલું વિધાન કેવળ કાલ્પનિક કે અસત્ય હોય એ બનવાજોગ જ નથી. આથી વિરુદ્ધ સાધ્યવિધાનની સાથે વાસ્તવિક રીતે નિરીક્ષણક્ષમ હોય તેવું ઉદાહરણ મૂકી શકાય જ નહીં, કારણ કે સાધ્યવિધાનની રજૂઆત કેવળ રૂપલક્ષી દૃષ્ટિએ જ કરવામાં આવે છે. એટલું જ નહિ, નિરુપાધિક સંવિધાનના રૂપની દૃષ્ટિએ બરાબર હોય અને છતાં વાસ્તવિક દૃષ્ટિએ તદ્દન કાલ્પનિક કે અસત્ય હોય તેવું સાધ્યવિધાન પણ નિરુપાધિક સંવિધાનમાં સ્વીકાર્ય બની શકે છે.

ઉદાહરણસહિત વ્યાપ્તિ અને સાધ્યવિધાન વચ્ચેના સામ્ય અને ઉપર્યુક્ત મુદ્દાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતીય તર્કશાસ્ત્રમાં અનુમાનનો અભ્યાસ રૂપલક્ષી અને વિષયલક્ષી કે વાસ્તવિક બંને દૃષ્ટિકોણનો સમન્વય કરીને કરવામાં આવે છે, જ્યારે પાશ્ચાત્ય તર્કશાસ્ત્રમાં અનુમાનનો અભ્યાસ કેવળ રૂપલક્ષી દૃષ્ટિકોણથી કરવામાં આવે છે. પાશ્ચાત્ય તર્કશાસ્ત્રનું આ રૂપલક્ષી દૃષ્ટિકોણનું એકાંગીપણું ભારતીય તર્કશાસ્ત્રીઓને બિલકુલ માન્ય નથી. પાશ્ચાત્ય અને ભારતીય તર્કશાસ્ત્રના અભિગમો વચ્ચેનો આ એક મૂળભૂત તફાવત છે.

**4. ઉપનય અને પક્ષવિધાન :**

પંચાવયવી અનુમાનને નિરુપાધિક સંવિધાનમાં અને નિરુપાધિક સંવિધાનને પંચાવયવી અનુમાનમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે રૂપાંતરિત કરવામાં આવે તો એ સ્પષ્ટ થાય છે કે પંચાવયવી અનુમાનમાં ઉપનયનું જે સ્થાન અને કાર્ય છે તે સ્થાન અને કાર્ય નિરુપાધિક સંવિધાનમાં પક્ષવિધાનનું છે. આ દૃષ્ટિએ ઉપનય અને પક્ષવિધાન વચ્ચે મૂળભૂત સામ્ય છે.

ઉપનય અને પક્ષવિધાન વચ્ચે મૂળભૂત સામ્ય હોવા ઉપરાંત મૂળભૂત ભેદ પણ છે. આ બંને વચ્ચેનો મૂળભૂત ભેદ એ છે કે, ઉપનયમાં ભારતીય અનુમાનના ઘટકરૂપ ત્રણે પદો - (1) હેતુ (2) સાધ્ય અને (3) પક્ષ એક સાથે રજૂ થાય છે, જ્યારે પક્ષવિધાનમાં નિરુપાધિક સંવિધાનનાં ઘટકરૂપ ત્રણે પદો પૈકી ફક્ત બે જ પદો (1) મધ્યપદ અને (2) પક્ષપદ - રજૂ થાય છે. આ ભેદ માત્ર સંખ્યાગત નથી. ઉપનય અને પક્ષવિધાનના તાર્કિક સ્વરૂપમાં પણ મૂળભૂત ભેદ છે. ઉપનયમાં હેતુ અને સાધ્ય વચ્ચેના વ્યાપ્તિસંબંધની સ્મૃતિ સાથે પક્ષમાં હેતુના પ્રત્યક્ષ નિરીક્ષણને દર્શાવવામાં આવે છે. આ રીતે ઉપનયમાં (1) હેતુ (2) સાધ્ય અને (3) પક્ષ એ ત્રણે પદો યોગ્ય તાર્કિક સંકલન સાથે રજૂ થાય છે. આને કારણે ઉપનયમાં તમામ આધારવિધાનો અને ફલિતવિધાન સાથેનું આખું અનુમાન પ્રમાણભૂત છે એમ કહેવાય છે. આથી વિરુદ્ધ, પક્ષવિધાનમાં વ્યાપ્તિસંબંધ કે પ્રત્યક્ષજ્ઞાનનો તો પ્રશ્ન જ નથી. એ જ રીતે આખા અનુમાનને સંક્ષેપમાં રજૂ કરીને તેને પ્રમાણભૂત દર્શાવી દે તેવી ક્ષમતા પણ પક્ષવિધાનમાં નથી. વળી, મધ્યપદ અને પક્ષપદ વચ્ચે વાસ્તવિક સંબંધ હોય એ પણ પક્ષવિધાનની સ્વીકાર્યતા માટે જરૂરી નથી, કારણ કે નિરુપાધિક સંવિધાનનું મૂલ્યાંકન કેવળ રૂપલક્ષી દૃષ્ટિએ જ કરવાનું હોય છે. આથી વાસ્તવિક દૃષ્ટિએ તદ્દન કાલ્પનિક અને અસત્ય હોય તેવુ

પક્ષવિધાન નિરુપાધિક સંવિધાનમાં સ્વીકાર્ય બની શકે છે.

ઉપનય અને પક્ષવિધાન વચ્ચેના સામ્ય અને ભેદને લગતા ઉપર્યુક્ત મુદ્દાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતીય તર્કશાસ્ત્રમાં રૂપલક્ષી અને વિષયલક્ષી કે વાસ્તવિક બંને દૃષ્ટિકોણનો સમન્વય છે; એટલું જ નહિ તેમાં નિગમનલક્ષી અને વ્યાપ્તિલક્ષી બંને પ્રકારના તર્કના દૃષ્ટિકોણનો પણ સમન્વય છે. આથી ઉપનયમાં વ્યાપ્તિલક્ષી દૃષ્ટિકોણથી અગત્યનાં એવાં તત્ત્વો આવે છે જે પક્ષવિધાનમાં સંભવતાં જ નથી, કારણ કે નિરુપાધિક સંવિધાનમાં પાશ્ચાત્ય તર્કશાસ્ત્રનો દૃષ્ટિકોણ કેવળ નિગમનાત્મક છે. પાશ્ચાત્ય તર્કશાસ્ત્રનું આ નિગમનલક્ષી દૃષ્ટિકોણનું એકાંગીપણું ભારતીય તર્કશાસ્ત્રીઓને બિલકુલ માન્ય નથી. પાશ્ચાત્ય અને ભારતીય તર્કશાસ્ત્રના અભિગમો વચ્ચેનો આ બીજો મૂળભૂત તફાવત છે.

**5. પંચાવયવી અનુમાનના નિગમનની અને નિરુપાધિક સંવિધાનનાં ફલિતવિધાનની સ્વીકાર્યતાનાં ધોરણો :**

પંચાવયવી અનુમાનનું નિગમન નિઃશંકપણે સત્ય છે એમ સાબિત થાય તો જ તે તાર્કિક રીતે સ્વીકાર્ય ગણાય છે. જ્યારે નિરુપાધિક સંવિધાનનું ફલિતવિધાન અસત્ય હોય તોપણ તાર્કિક રીતે સ્વીકાર્ય ગણાય છે, કારણ કે પ્રમાણભૂત નિરુપાધિક સંવિધાનનાં આધારવિધાનો અસત્ય હોય તો તેના ફલિતવિધાનની અસત્યતા દોષરૂપ ગણાતી નથી. દા.ત.,

સર્વ માણસો દશશૃંગી વ્યક્તિઓ છે.

સૉક્રેટિસ માણસ છે.

સૉક્રેટિસ દશશૃંગી વ્યક્તિ છે.

ઉપર્યુક્ત નિરુપાધિક સંવિધાનમાં દોષ થતો નથી તેથી તે પ્રમાણભૂત છે, અર્થાત્ તેનું ફલિતવિધાન તાર્કિક રીતે સ્વીકાર્ય છે.

નિરુપાધિક સંવિધાનનું ફલિતવિધાન અસત્ય હોઈ શકે છે, જ્યારે પંચાવયવી અનુમાનનું નિગમન અસત્ય હોય એવી કલ્પના પણ થઈ શકે તેમ નથી. આનું કારણ એ છે કે નિરુપાધિક સંવિધાનમાં પાશ્ચાત્ય તર્કશાસ્ત્રીઓનો દૃષ્ટિકોણ કેવળ રૂપલક્ષી અને નિગમનાત્મક છે, જ્યારે પંચાવયવી અનુમાનમાં ભારતીય તર્કશાસ્ત્રીઓનો દૃષ્ટિકોણ રૂપલક્ષી અને નિગમનાત્મક હોવા ઉપરાંત વિષયલક્ષી કે વસ્તુલક્ષી અને વ્યાપ્તિલક્ષી પણ છે.

## મનોયત્ન 6.5

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો.**

(1) પંચાવયવી અનુમાન અને નિરુપાધિક સંવિધાનનાં પદોની સંખ્યા કેટલી છે ?

(2) પંચાવયવી અનુમાનના હેતુનું સ્થાન નિરુપાધિક સંવિધાનના કયા પદના સ્થાને છે ?

(3) પંચાવયવી અનુમાનને નૈયાયિકો શું કહે છે ?

(4) પંચાવયવી અનુમાનને નિરુપાધિક સંવિધાનની પહેલી આકૃતિના કયા ભેદમાં રજૂ કરી શકાય છે ?

(5) પાશ્ચાત્ય તર્કશાસ્ત્ર નિરુપાધિક સંવિધાનની કઈ આકૃતિને સર્વશ્રેષ્ઠ માને છે ?

(6) ઉદાહરણ સહિત વ્યાપ્તિ નિરુપાધિક સંવિધાનના કયા વિધાન સાથે સામ્ય ધરાવે છે ?

(7) પંચાવયવી અનુમાનનો કયો અવયવ નિરુપાધિક સંવિધાનના પક્ષવિધાનને મળતો આવે છે ?

(8) ભારતીય અનુમાનના કયા અવયવમાં ત્રણ પદો હોય છે ?

(9) નિરુપાધિક સંવિધાનનાં પક્ષવિધાનમાં કયા બે પદો હોય છે ?

(10) નિરુપાધિક સંવિધાના સંદર્ભમાં પાશ્ચાત્ય તર્કશાસ્ત્રીઓનો દૃષ્ટિકોણ કેવો છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો.**

(1) પંચાવયવી અનુમાન અને નિરુપાધિક સંવિધાનમાં કેટલાં પદો આવે છે ? કયાં કયાં ?

(2) પંચાવયવી અનુમાનના વિધાનોનો નિશ્ચિત ક્રમ જણાવો.

(3) નિરુપાધિક સંવિધાનમાં કેટલાં વિધાનો આવે છે ?

(4) પંચાવયવી અનુમાન અને નિરુપાધિક સંવિધાનના વિધાનોની સંખ્યામાં શા માટે ફરક પડે છે ?

(5) પંચાવયવી અનુમાનની રજૂઆત કરનાર વક્તાનું પ્રયોજન શું છે ?

(6) પંચાવયવી અનુમાન રજૂ કરનાર વક્તાએ કઈ બાબતનું ધ્યાન રાખવાનું હોય છે ?

(7) ભારતીય અનુમાનને 'પૂર્વાંગના સ્વીકાર પરથી ઉત્તરાંગના સ્વીકાર'ના અનુમાનના રૂપમાં લખો.

(8) નિરુપાધિક સંવિધાનને 'પૂર્વાંગના સ્વીકાર પરથી ઉત્તરાંગના સ્વીકાર'ના રૂપમાં લખો.

(9) ઉદાહરણ સહિત વ્યાપ્તિ અને સાધ્યવિધાન વચ્ચે મૂળભૂત સામ્ય શું છે ?

(10) ઉપનય અને પક્ષવિધાન વચ્ચે મૂળભૂત ભેદ શું છે ?

## સ્વાધ્યાય 6

**1. નીચેના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(1) ભારતીય તર્કશાસ્ત્રમાં નૈયાયિકોએ કેટલાં પ્રમાણોનો સ્વીકાર કર્યો છે ?
(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

(2) ભારતીય અનુમાનની શાબ્દિક રજૂઆતમાં આવતા ચોથા અવયવનું નામ શું છે ?
(અ) પ્રતિજ્ઞા (બ) હેતુ (ક) ઉદાહરણસહિત વ્યાપ્તિ (ડ) ઉપનય

(3) અનુમાન પ્રમાણ કયા પ્રમાણ પર આધારિત છે ?
(અ) પ્રત્યક્ષ (બ) અર્થાપત્તિ (ક) ઉપમાન (ડ) શબ્દ

(4) કોના પ્રત્યક્ષ જ્ઞાનથી અનુમાન ક્રિયાનો આરંભ થાય છે ?
(અ) મધ્યપદ (બ) સાધ્ય (ક) હેતુ (ડ) પક્ષ

(5) પંચાવયવી અનુમાનનો કયો અવયવ અનુમાન ક્રિયાનું પરમફળ છે ?
(અ) સાધ્ય (બ) પક્ષ (ક) હેતુ (ડ) નિગમન

(6) વ્યાપ્તિસંબંધની રજૂઆત કરતા સર્વદેશી વિધાનને શું કહે છે ?
(અ) સ્વાર્થાનુમાન (બ) ઉપનય (ક) વ્યાપ્તિ (ડ) પરાર્થાનુમાન

(7) 'એક બાબતની હાજરીની સાથે બીજી બાબતની હાજરી હોવી' એટલે શું ?
(અ) વ્યભિચારગ્રહ (બ) અન્વય (ક) વ્યતિરેક (ડ) સામાન્યલક્ષણ પ્રત્યક્ષાનુભૂતિ

(8) વ્યાપ્તિની સમર્થનવિધિનું ત્રીજું સોપાન કયું છે ?
(અ) અન્વય પદ્ધતિ (બ) વ્યતિરેક પદ્ધતિ (ક) વ્યભિચારગ્રહ પદ્ધતિ (ડ) સામાન્ય લક્ષણ પ્રત્યક્ષાનુભૂતિ

(9) પંચાવયવી અનુમાનમાં પક્ષ અને સાધ્ય વચ્ચેનો સંબંધ કોની મદદથી સ્થપાય છે ?
(અ) ઉપનય (બ) નિગમન (ક) હેતુ (ડ) મધ્યપદ

(10) પંચાવયવી અનુમાનનું કયું વિધાન નિરુપાધિક સંવિધાનનાં પક્ષવિધાનને મળતું આવે છે ?
(અ) ઉપનય (બ) નિગમન (ક) હેતુ (ડ) ઉદાહરણસહિત વ્યાપ્તિ

**2. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તર લખો.**

(1) પ્રમાણની વ્યાખ્યા સમજાવી, ભારતીય દર્શનોએ સ્વીકારેલાં પ્રમાણોનું કોષ્ટક દોરો.

(2) અનુમાનની વ્યાખ્યા આપી અનુમાન વડે મળતા જ્ઞાનનું સ્વરૂપ સમજાવો.

(3) પંચાવયવી અનુમાનના પ્રત્યેક વિધાનની અગત્યતા સમજાવો.

(4) અનુમાનના પ્રકારો ઉદાહરણ આપી સમજાવો.

(5) વ્યાપ્તિની વ્યાખ્યા આપો અને તેના ફલિતાર્થો સ્પષ્ટ કરો.

(6) અન્વય અને વ્યતિરેક પદ્ધતિની સમજૂતી આપો.

(7) વ્યાપ્તિના પ્રકારોને આકૃતિ દોરીને સમજાવો.

(8) પંચાવયવી અનુમાનમાં 'ઉદાહરણસહિત વ્યાપ્તિ' અને 'સાધ્યવિધાન'ની તુલના કરો.

(9) પંચાવયવી અનુમાનમાં 'ઉપનય' અને 'નિરુપાધિક સંવિધાનના પક્ષવિધાન'ની તુલના કરો.

(10) ટૂંકનોંધ લખો : ૧. વ્યાપ્તીકરણની સમસ્યા ૨. વ્યભિચારગ્રહ પદ્ધતિ

●

# 7 મૂલ્યમીમાંસા

**પ્રસ્તાવના :**

મૂલ્યમીમાંસા માટે પ્રયોજાતો અંગ્રેજી શબ્દ 'ઍક્ઝીઓલૉજી' (Axiology) મૂળ ગ્રીક શબ્દ 'ઍક્ઝીઓસ' (Axios) પરથી ઊતરી આવ્યો છે. ઍક્ઝીઓસનો અર્થ 'વર્ધી' (Worthy) અર્થાત્ ઉચિત, ઉપયોગી કે મૂલ્યવાન એવો થાય છે. આથી ઍક્ઝીઓસ અર્થાત્ મૂલ્યવાન અને લોજી અર્થાત્ શાસ્ત્ર આ બન્ને મળીને ઍક્ઝીઓલૉજી શબ્દ મૂલ્ય શાસ્ત્ર કે મૂલ્યમીમાંસા તરીકે અસ્તિત્વમાં આવ્યો છે.

મૂલ્યમીમાંસામાં માનવીય મૂલ્યો અંગે વિચાર કરવામાં આવે છે. માનવીય મૂલ્યોને બે વર્ગમાં વહેંચી શકાય : (1) આચરણલક્ષી મૂલ્યો (2) સૌન્દર્યલક્ષી મૂલ્યો. આચરણલક્ષી મૂલ્યોનો અભ્યાસ નીતિશાસ્ત્રમાં અને સૌન્દર્યલક્ષી મૂલ્યોનો અભ્યાસ સૌન્દર્યશાસ્ત્ર દ્વારા કરવામાં આવે છે.

**મૂલ્ય એટલે શું ?**

મૂલ્ય અંગેની સભાનતા કે મૂલ્યભાન એ માનવચેતનાનું સારભૂત લક્ષણ છે. આધુનિક સમયમાં મૂલ્ય શબ્દ અર્થશાસ્ત્રના માર્ગે નીતિશાસ્ત્રમાં આવેલો છે. મૂલ્યનો એક અર્થ ઉપયોગી એવો થાય છે. માનવીય ઇચ્છા કે જરૂરિયાત સંતોષવાની ક્ષમતાના અર્થમાં તે પ્રયોજાય છે. આથી સામાન્ય દૃષ્ટિએ માનવીય જરૂરિયાતને સંતોષે તે કિંમતી કે મૂલ્યવાન એમ કહેવામાં આવે છે.

અંગ્રેજી ભાષાનો વૅલ્યૂ (Value) મૂળ લેટિન વૅલેરે (Valere) પરથી બનેલો છે. વૅલેરેનો અર્થ વર્થ (Worth) એવો થાય છે. તે યોગ્યતા અથવા સાર્થકતાનો અર્થ સૂચવે છે. આ સંદર્ભમાં મૂલ્ય શબ્દ ગુણાત્મક અગત્યને વ્યક્ત કરે છે. જેને આપણે વિચારો, ભાવનાઓ કે પ્રવૃતિઓ અને અનુભવો માટે પ્રયોજીએ છીએ. મૂલ્યો એ સારા-ખરાબ, ઇચ્છનીય-અનિચ્છનીય, સુંદર-કુરૂપ માટેનાં ધોરણો છે. આમ, મૂલ્ય એ માત્ર વિશેષણ નહિ પરંતુ મૂલ્યાંકનનાં ધોરણો પણ છે.

સ્વામી જિતાત્માનંદજી મૂલ્યને ઉચ્ચકક્ષાની માનવીય ગુણવત્તા ગણાવે છે. જે માણસને તેની પ્રાણીસહજ મર્યાદાઓથી ઉપર ઊઠવામાં મદદ કરે છે. જ્યારે બુદ્ધિ દીપ્તિમાન થાય છે અને તેના પસંદગીના સ્વાતંત્ર્યનો ઉપયોગ ઉદાત્ત જીવનધ્યેય માટે કરે છે, ત્યારે ઉચ્ચ જીવનમૂલ્યો અભિવ્યક્ત થાય છે. વૈદિક મંત્રમાં આથી જ તો કહેવામાં આવે છે, "અમારી બુદ્ધિને તેજસ્વી બનાવો." ડબલ્યુ. એમ. અરબનના મત અનુસાર આખરી દૃષ્ટિએ મૂલ્યવાન તે છે જે આત્મિક વિકાસ પ્રતિ દોરી જાય છે. માણસ એ માત્ર પ્રાણી નથી. માત્ર જીવન ટકાવનારી ઇચ્છાઓ જ નહીં, સ્વના સાક્ષાત્કાર પ્રતિ દોરી જનાર ઇચ્છાઓ વ્યક્તિ માટે સાચા અર્થમાં મૂલ્યવાન છે.

**મૂલ્યનું સ્વરૂપ :**

મૂલ્યનું સ્વરૂપ નીચેની ત્રણ બાબતોના આધારે સમજી શકાય.

1. હકીકતલક્ષી અને મૂલ્યલક્ષી વિધાનો વચ્ચેનો ભેદ
2. મૂલ્યોનો જીવનદૃષ્ટિ સાથેનો સંબંધ
3. મૂલ્યોની વ્યક્તિલક્ષિતા અને વસ્તુલક્ષિતા

**1. હકીકતલક્ષી અને મૂલ્યલક્ષી વિધાનો વચ્ચેનો ભેદ**

**(1) હકીકતલક્ષી વિધાનો :**

(**i**) સોનું, ચાંદી, તાંબુ વગેરે ધાતુઓ છે.

(**ii**) પૃથ્વી ગોળ છે.

(**iii**) ભારતને 1947માં આઝાદી પ્રાપ્ત થઈ છે.

(**iv**) વનસ્પતિ માટે સૂર્યપ્રકાશ જરૂરી છે.

(**v**) તાજમહાલ આગ્રામાં આવેલો છે.

ઉપર્યુક્ત હકીકતલક્ષી વિધાનો જુદાં જુદાં જ્ઞાનક્ષેત્રનાં વિધાનો છે. જેવાં કે, પદાર્થશાસ્ત્ર, ભૂગોળ, ઇતિહાસ, વનસ્પતિશાસ્ત્ર વગેરે. આ વિધાનોનું સ્વરૂપ વર્ણનાત્મક છે. હકીકતોનો અભ્યાસ કરતાં પ્રાકૃતિક વિજ્ઞાનો તટસ્થ દૃષ્ટિએ હકીકતોનું વર્ણન કરે છે. તેમાં કોઈ વ્યક્તિની પસંદગી કે નાપસંદગીનો પ્રશ્ન આવતો નથી. હકીકતને લગતાં વિધાનોના સંદર્ભમાં એકમત પ્રવર્તે છે.

કારણ કે આ વિધાનોની સત્યતા કે અસત્યતા નિરીક્ષણ અને શક્ય હોય ત્યાં પ્રયોગ દ્વારા પણ ચકાસી શકાય છે. આથી જ તેને વાસ્તવિક કે હકીકત આધારિત હકીકતલક્ષી કહેવામાં આવે છે.

**(2) મૂલ્યલક્ષી વિધાનો :**

(i) મહિલાઓને સુવર્ણાલંકારો વધુ આકર્ષે છે.

(ii) બાળકોને રજાઓમાં મઝા પડે છે.

(iii) ગાંધીજીના મતે સુંદર હોવું માણસ માટે પર્યાપ્ત નથી, સદ્‌ગુણી હોવું પણ જરૂરી છે.

(iv) અસ્પૃશ્યતા સામાજિક કલંક છે.

(v) તમે હંમેશા સાચું બોલો છો એ મને ગમે છે.

ઉપર્યુક્ત મૂલ્યલક્ષી વિધાનો સીધી કે આડકતરી રીતે વ્યક્તિગત અથવા સમૂહગત પસંદગીને રજૂ કરે છે. મૂલ્યલક્ષી વિધાનો અંગે એકથી વધુ અભિપ્રાયો કે વિકલ્પો હોઈ શકે છે, કારણ કે મૂલ્યને લગતાં વિધાનો વાસ્તવિક હકીકત વિષે નહીં પરંતુ વ્યક્તિગત રસ, રુચિ, જરૂરિયાત કે ઈચ્છાને અનુરૂપ પસંદગી પર આધાર રાખે છે.

**2. મૂલ્યોનો જીવનદૃષ્ટિ સાથે સંબંધ**

**[illegible] ।**

અર્થાત્ માત્ર જેવું જુએ એવું માની લે તે પશુવત્ ભૂમિકા છે. મનુષ્ય તેને કહેવાય જે મનન દ્વારા સત્ય સમજે, સમજે એટલું જ નહિ તેને આત્મસાત્ કરવા પ્રયત્ન કરે. પોતે કોણ છે ? આ પ્રશ્નનો વિચાર કરનારાને માત્ર જોવાથી શરીરરૂપ હોવાનું જણાય છે. ''પંચભૌતિક શરીર'' જન્મતું, જીવતું અને મરણ પામતું અનુભવાય છે. તેના આધારે જ જીવન જીવનારા લોકોની જીવનદૃષ્ટિ દેહવાદી અર્થાત્ ભૌતિકવાદી હોય છે. જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખથી જીવો, દેહ ભસ્મીભૂત થનારો છે, તેનું પુનરાગમન થતું નથી.

સૂક્ષ્મ ચિંતન-મનન કરી, તેમજ મહાન વ્યક્તિઓના રચેલાં શાસ્ત્રવચનોનું અધ્યયન કરી ચિત્ત અને ચૈતન્યથી તેનો સ્વીકાર કરે તેવી જીવનદૃષ્ટિ અધ્યાત્મવાદી દૃષ્ટિ છે.

અધ્યાત્મવાદી જીવનદૃષ્ટિ ધરાવતા માણસો પ્રેય અર્થાત્ પ્રિયને મહત્વ આપે છે. તેની તુલનામાં ભૌતિકવાદી જીવન દૃષ્ટિ જે શ્રેયકર અર્થાત્ હિતકારી છે, કલ્યાણકારી છે તેવી બાબતોની પસંદગી કરે છે. તેમનો જીવનમંત્ર છે, **[illegible]**। તેઓ સર્વજનનાં સુખ અને હિતમાં પોતાનું સુખ અને હિત સમાયેલું છે તેમ માની, તે માટે પ્રયત્ન કરે છે. અધ્યાત્મવાદી એમ માને છે કે '' ચાલો આપણે બધા સુખી થઈએ, આપણે બધા તંદુરસ્ત રહીએ, આપણે બધા સલામત રહીએ, આપણામાંથી કોઈ ક્યારેય દુઃખ ન અનુભવે.'' પ્રેમ અને કરુણા એ અધ્યાત્મલક્ષી જીવનદૃષ્ટિની જ અભિવ્યક્તિ છે.

મૂલ્યનું સ્વરૂપ વ્યક્તિની પસંદગી ઉપર આધાર રાખે છે અને એ પસંદગી તેની જીવનદૃષ્ટિ ઉપર આધાર રાખે છે. પસંદગી કરતી વખતે માણસને પોતાની જીવનદૃષ્ટિની સ્પષ્ટ સભાનતા હોય પણ ખરી અને ન પણ હોય, પરંતુ માણસની દરેક પસંદગી તેની જીવનદૃષ્ટિને વ્યક્ત કરનારી તો હોય જ છે. આથી મૂલ્યની વ્યાખ્યા છે :

**''જેને મનુષ્ય પોતાની જીવનદૃષ્ટિને આધારે પસંદગીને પાત્ર ગણે છે તે મૂલ્ય છે.''**

**3. મૂલ્યોની વ્યક્તિલક્ષિતા અને વસ્તુલક્ષિતા**

અનુભવવાદી અને ઉપયોગિતાવાદીના મતે વસ્તુમાં પોતાનું અંતર્ગત કહેવાય એવું કોઈ મૂલ્ય નથી. વસ્તુનું મૂલ્ય માનવને વસ્તુમાંથી પ્રાપ્ત થતા સંતોષમાં રહેલું છે. **લોત્ઝે** નામના ચિંતકના મત અનુસાર મૂલ્યની વ્યાખ્યા છે : ''જે સુખદ અને સંતોષપ્રદ અનુભવ કરાવે તે મૂલ્ય''. ટૂંકમાં અનુભવવાદી અને ઉપયોગિતાવાદીઓના મતે વસ્તુનું વસ્તુ તરીકે કોઈ મૂલ્ય હોતું નથી.

આમ મૂલ્ય એ દરેક વ્યક્તિની આંતરિક અનુભૂતિનો વિષય છે અને તે અર્થમાં મૂલ્ય વ્યક્તિલક્ષી છે. દા.ત. સાકરની મીઠાશ અને મીઠાની ખારાશ માણસની સ્વાદેન્દ્રિયના અનુભવના વિષયો છે. આંતરિક સંતોષ, આનંદ કે ધન્યતા એ માણસના આંતરિક અનુભવના વિષયો છે. મૂલ્યો આંગળી ચીંધીને બતાવી શકાય કે તેનો ફોટો પાડી શકાય તેવી માનવઅનુભવથી સ્વતંત્ર અને પ્રત્યક્ષ રીતે જોઇ શકાય એવી સ્થૂળ વસ્તુ નથી. મનુષ્યની ચેતનામાં થતી સૂક્ષ્મ અનુભૂતિ છે. મૂલ્યની અનુભૂતિ કે મૂલ્યનો સાક્ષાત્કાર જે વ્યક્તિને થાય છે, તે પોતે જ તેને સ્વસંવેદ્ય રૂપમાં (વ્યક્તિને પોતાને જ અનુભવાતી સંવેદના) જાણે છે. જે રીતે ભોજન પછી ભૂખતૃપ્તિ કે પાણી પીધા પછી તરસ છીપવાનો અનુભવ થાય છે. આ અર્થમાં મૂલ્ય વ્યક્તિલક્ષી છે.

આનાથી જુદો મત વાસ્તવવાદી ચિંતકો ધરાવે છે. તેઓ કહે છે મૂલ્ય વસ્તુમાં અંતર્નિહિત હોય છે. સંતોષની લાગણી માત્ર

દર્શકચિહ્ન (Indicater) રૂપ છે. તેનું સ્વયંમૂલ્ય નથી. વસ્તુનું જ સ્વયમ્ મૂલ્ય છે, વસ્તુના સ્વરૂપમાં અંતર્ગત એવા સાર્વત્રિક ગુણો છે જે આપણને વસ્તુ સારી કે સુંદર છે એમ કહેવાની ફરજ પાડે છે. સાકરના સ્વાદમાં વ્યક્તિને મીઠાશનો અનુભવ થાય છે તેવી રીતે ક્ષમા કે દયા વગેરે ગુણોમાં આત્મસંતોષનો અનુભવ થાય છે. મૂલ્યની અનુભૂતિ વ્યક્તિગત હોવા છતાં જેના મૂલ્યની અનુભૂતિ થાય છે તે વસ્તુ સ્વયમ રીતે મૂલ્યવાન છે.

મૂલ્યસંબંધી પરસ્પરથી અલગ પડતા વ્યક્તિલક્ષી અને વસ્તુલક્ષી બંને મતોમાં સત્યાંશ છે, એમ જણાવતા સમન્વયવાદી વિચારકોના મતે આપણે મૂલ્યનું સર્જન કરતા નથી, પરંતુ મૂલ્યોનું ઉપાર્જન કરીએ છીએ. વેપાર, વ્યવસાય, નોકરી દ્વારા જેમ નાણાંનું સર્જન થતું નથી,  કમાણી થાય છે તેમ મૂલ્યોની પસંદગી અને તેને અનુરૂપ પ્રવૃત્તિ કે આચરણ દ્વારા મૂલ્યો ઉપાર્જિત કે આત્મસાત્ થાય છે.

## મનોયત્ન 7.1

**1. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) મૂલ્યમીમાંસાનો શાબ્દિક અર્થ લખો.
(2) મૂલ્યમીમાંસા અંતર્ગત શાની વિચારણા થાય છે ?
(3) મૂલ્યના મુખ્ય બે વર્ગ કયા છે ?
(4) આધુનિક સમયમાં મૂલ્ય શબ્દ તત્ત્વજ્ઞાનમાં કયા માર્ગેથી આવ્યો છે ?
(5) મૂલ્ય એ માત્ર વિશેષણ નથી તો શું છે ?
(6) ઉદાત્ત મૂલ્યોનો આવિર્ભાવ ક્યારે થાય છે ?
(7) ડબલ્યુ. એમ. અરબન મૂલ્યવાન માટે કઈ શરત રજૂ કરે છે ?
(8) નીતિશાસ્ત્રમાં કયા વર્ગનાં મૂલ્યોનો અભ્યાસ થાય છે ?
(9) ‘તમે હસો છો ત્યારે સુંદર લાગો છો.’ આ કયા પ્રકારનું વિધાન છે ?
(10) ‘સમુદ્રનું પાણી ખારુ હોય છે’. એ કયા પ્રકારનું વિધાન છે ?

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો :**

(1) હકીકતલક્ષી વિધાન શી રીતે પરીક્ષણક્ષમ છે ?
(2) મૂલ્યનું સ્વરૂપ શાના ઉપર આધાર રાખે છે ?
(3) જીવનદૃષ્ટિના મુખ્ય બે પ્રકાર કયા છે ?
(4) મૂલ્યલક્ષી વિધાનો શા માટે વધુ વિકલ્પોવાળાં હોય છે ?
(5) પ્રાકૃતિક વિજ્ઞાનનાં વિધાન કયા પ્રકારનાં હોય છે ?
(6) મૂલ્યની વ્યાખ્યા આપો.
(7) માત્ર જોઈને માની લેવું તે કઈ ભૂમિકાનું લક્ષણ ગણાય ?
(8) ભૌતિકવાદી કયા પ્રકારનું સુખ ઇચ્છે છે ?
(9) શાસ્ત્ર ગ્રંથોનો ચિત્ત અને ચૈતન્યનો સ્વીકાર કરનારની દૃષ્ટિ કઈ છે ?
(10) સર્વના હિતમાં પોતાનું હિત જોનારાની જીવનદૃષ્ટિ કઈ છે ?

* * * *

**મૂલ્યના પ્રકારો :**

મૂલ્યની વિચારણા દ્વારા એ વાત સ્પષ્ટ થાય છે કે માનવજીવનમાં વિચારશક્તિ અને મૂલ્યભાનનો સિંહફાળો છે. માનવની વ્યક્તિગત મહાનતાનો આધાર જ તેમણે સમજપૂર્વક પસંદ કરેલાં ઉદાત્ત મૂલ્યો ઉપર છે. એ જ રીતે કોઈપણ દેશ કે સમાજની સંસ્કૃતિનો આધાર તેના નાગરિકો કે સમાજના સભ્યોની મૂલ્ય અંગેની સમજ અને તેના સાક્ષાત્કાર પર આધારીત છે. મૂલ્યનું ક્ષેત્ર માનવજીવન જેટલું જ વ્યાપક છે. આ સમાન વ્યાપકતાને લીધે માનવજીવનનાં જેટલાં ક્ષેત્રો છે તેટલા મૂલ્યના પ્રકારો પડે છે.

સમગ્ર માનવજીવનને ધ્યાનમાં રાખીને પૂર્ણતાવાદી જીવનદૃષ્ટિએ મૂલ્યોને ત્રણ વર્ગમાં વહેંચવામાં આવ્યાં છે.